RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક
Year-16, Issue-56 ■ DATE : 12-06-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

**સુવિચાર**

સંપત્તિ નષ્ટ થાય તો તેને ફરી મેળવી શકાય, પણ સમય નષ્ટ થાય તો તેને પાછો મેળવી શકાતો નથી...



રાજકોટ-અમદાવાદ હાઇ-વે પર આઇસર ટેન્કરમાં ચોરખાનું બનાવી છુપાવેલો ૮૫૪૪ બોટલ દારૂ પકડાયો P-4

# અમદાવાદમાં ૨૪૨ પેસેન્જર સાથેનું એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ





## ૧૦૦ લોકોના મોતની સંભાવના: આ પ્લેનમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સવાર હતા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ શહેરના મેઘાણીનગર આઈજીપી કમ્પાઉન્ડમાં ૧૭૧-એર ઈન્ડિયા બોઈંગ પ્લેન ક્રેશ થયું છે. આ પ્લેન ૧.૩૮ વાગ્યે ટેકઓફ થયું અને ૧.૪૦ વાગ્યે ક્રેશ થઈને આ પ્લેન બિલ્ડિંગમાં અથડાયું હતું. આ પ્લેનમાં ૨૪૨ જેટલા પેસેન્જર અને કાર્ગો પણ હતું.

ફાયર અને પોલીસને મેસેજ મળ્યો છે. જેને પગલે તેઓ ઘટનાસ્થળે જવા રવાના થયા છે. આ દુર્ઘટનાને પગલે તમામ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. અમદાવાદના મેઘાણીનગરમાં સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ટેક ઓફ કરતી વખતે એર ઈન્ડિયાની અમદાવાદથી લંડન જતું પ્લેન ક્રેશ થયું છે. પ્રાથમિક અહેવાલો પ્રમાણે મેઘાણી નગર વિસ્તારમાં ઘોડા કેમ્પ નજીક આઈજીબી કમ્પાઉન્ડમાં આ ઘટના બની હતી. આ ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ત્રણ ગાડી અને પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો છે. આ દરમિયાન દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા, જેથા આસપાસના રહીશોમાં ભય ફેલાઈ ગયો હતો.



આ દરમિયાન ઈજાગ્રસ્તોની સહાય માટે તાત્કાલિક ધોરણે ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ પહોંચી ગઇ છે. અનેક ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલ ખસેડાઈ રહ્યા છે. આ વિમાનમાં ૨૪૨ મુસાફરો હોવાની માહિતી મળી રહી છે. આ ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને પોલીસ અને સેનાના જવાનો પણ બચાવકાર્ય માટે પહોંચી ગયા છે.

આ પ્લેનમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સવાર હતા. ૧૦૦ લોકોના મોતની આશંકા સેવાઇ રહી છે.

# મધ્યપૂર્વમાં વધુ એક યુદ્ધના ભણકારાઃ અમેરિકન નાગરિકોને પાછા બોલાવવા ટ્રમ્પનો આદેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વ વધુ એક યુદ્ધનું સાક્ષી બની શકે છે. મીડિયા રિપોર્ટ અનુસાર, અમેરિકાના અધિકારીઓએ જણાવ્યું છે કે, ઈઝરાયલની સેના ઈરાન પર હુમલો કરવા સંપૂર્ણપણે સજ્જ છે. જેની જવાબી કાર્યવાહીના ભાગરૂપે ઈરાન પોતાના પડોશી દેશ ઈરાકમાં સ્થિત અમેરિકાના સૈન્ય ઠેકાણાં પર હુમલા કરી શકે છે.

અમેરિકાએ ગઈકાલે જ પોતાના નાગરિકોને ઈરાક છોડવા માટે એડવાઈઝરી જાહેર કરી હતી. અમેરિકાના વિદેશ વિભાગે પણ નોન-ઈમરજન્સી ઓફિસર્સને ઈરાક છોડવા આદેશ આપ્યો છે. પશ્ચિમી એશિયામાં વધતાં તણાવ અને યુદ્ધની આશંકા વચ્ચે અમેરિકાએ ઈરાક, કુવૈત, અને બહરીન સહિતના મધ્ય-પૂર્વીય દેશોમાં પોતાના દૂતાવાસોમાંથી વધારાના કર્મચારીઓ અને પરિવારને પાછા વતન ફરવા આદેશ આપ્યો છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ફરી સંભવિત હુમલા



થઈ શકે છે.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે બુધવારે સાંજે વોશિંગ્ટનના કેનેડી સેન્ટરમાં જણાવ્યું હતું કે, તેમને ત્યાંથી ખસેડવામાં આવી રહ્યા છે. કારણકે, તે સ્થળ હવે અત્યંત જોખમી બન્યું છે. તેમને ત્યાંથી દૂર કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. અને આગળ શું પગલાં લેવા જોઈએ તેના પર વિચારીશું. હાલ આ મધ્ય-પૂર્વીય દેશોમાં તણાવ વધી રહ્યો છે. ઈરાનની ઝડપથી વધી રહેલી ન્યૂક્લિયર પ્રોગ્રામ તરફની આગેકૂચ ચિંતા વધારી રહી છે. તે અમેરિકા સાથે તેની વાટાઘાટ પર અવરોધો ઉભા કરી રહી છે. અમે તેમની સાથે વાતચીતના માધ્યમથી ન્યૂક્લિયર પ્રોગ્રામને અટકાવવા માગીએ છીએ. જેના માટે અમે અમુક આકરા આર્થિક પ્રતિબંધો દૂર કરવા પણ તૈયાર છીએ. ઉલ્લેખનીય છે, ઈરાને પોતાના ન્યૂક્લિયર પ્રોગ્રામ પર સ્પષ્ટતા આપતાં કહ્યું છે કે, આ પ્રોગ્રામ શાંતિપૂર્ણ છે. આ મામલે અમેરિકા સાથે આ સપ્તાહના અંતમાં ઓમાનમાં બેઠક યોજાશે.

અમેરિકાના સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈરાનની અમેરિકા સાથેની વાટાઘાટ જો નિષ્ફળ રહી તો ટ્રમ્પના અગાઉના આદેશાનુસાર, ઈઝરાયલ તથા અમેરિકા ઈરાનના ન્યૂક્લિયર સેન્ટર્સ પર હુમલો કરી શકે છે. ઈરાન સાથે કોઈપણ સમાધાન મુદ્દે અપેક્ષા જણાઈ રહી નથી. જો કે, ટ્રમ્પ ન્યૂક્લિયર પ્રોગ્રામ અટકાવવા એડીચોટીનું જોર લગાવશે.

# ભારતે સામાજિક સુરક્ષા કવરેજના ક્ષેત્રમાં એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સબકા સાથ, સબકા વિકાસના વિઝનથી પ્રેરિત થઈને, ભારતે સામાજિક સુરક્ષા કવરેજના ક્ષેત્રમાં એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જે વૈશ્વિક સ્તરે સૌથી મહત્વપૂર્ણ વિસ્તરણોમાંનું એક છે.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન ડેટાબેઝના તાજેતરના ડેટા અનુસાર, ભારતનું સામાજિક સુરક્ષા કવરેજ ૨૦૧૫માં ૧૯ ટકાથી વધીને ૨૦૨૫ માં ૬૪.૩ ટકા થવાનો અંદાજ છે, જે છેલ્લા દાયકામાં ૪૫ ટકાનો અભૂતપૂર્વ વધારો છે.

આંતરરાષ્ટ્રીય શ્રમ પરિષદના ડિરેક્ટર જનરલ ગિલ્બર્ટ એફ. હોંગબો સાથે દ્વિપક્ષીય ચર્ચાઓ કરતા, કેન્દ્રીય શ્રમ અને રોજગાર અને યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ છેલ્લા ૧૧ વર્ષમાં મોદી સરકાર દ્વારા શરૂ કરાયેલ ગરીબી-કેન્દ્રિત અને કામદાર





કલ્યાણ યોજનાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના સહયોગથી સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલા રાષ્ટ્રીય સ્તરના સામાજિક સુરક્ષા ડેટા પૂલિંગ અભિયાન વિશે પણ માહિતગાર કર્યા હતા.

આ પ્રયાસોની પ્રશંસા કરતા, ILOએ ભારતની સિદ્ધિનો સ્વીકાર કર્યો અને સત્તાવાર રીતે તેના ડેશબોર્ડ પર પ્રકાશિત કર્યું કે ભારતની વસ્તીના ૬૪.૩ ટકા, એટલે કે ૯૪ કરોડથી વધુ લોકો હવે ઓછામાં ઓછા એક સામાજિક સુરક્ષા લાભ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

૨૦૧૫ માં આ આંકડો માત્ર ૧૯ ટકા હતો. ભારત હવે લાભાર્થીઓની સંખ્યાની દ્રષ્ટિએ વિશ્વમાં બીજા ક્રમે છે, જે લગભગ ૯૪ કરોડ નાગરિકોને સામાજિક સુરક્ષા પૂરી પાડે છે. ના મહાનિર્દેશકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગરીબો અને કામદાર વર્ગ માટે ભારતની કેન્દ્રિત કલ્યાણકારી નીતિઓની પ્રશંસા કરી હતી.

દરેક દેશ માટે યોજના પર વિચાર કરવા માટે ILOના માપદંડોમાં સામેલ છે કે યોજના કાયદાકીય રીતે સમર્થિત હોવી જોઈએ, રોકડ-આધારિત અને સક્રિય હોવી જોઈએ અને છેલ્લા ત્રણ વર્ષનો ચકાસાયેલ સમય શ્રેણી ડેટા ઉપલબ્ધ હોવો જોઈએ.

જીનીવાથી, ડો. માંડવિયાએ કહ્યું, ''આ નોંધપાત્ર સિદ્ધિ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ અને સમાવિષ્ટ અને અધિકાર-આધારિત સામાજિક સુરક્ષા ઇકોસિસ્ટમના નિર્માણમાં સરકારના અવિરત પ્રયાસોનો પુરાવો છે.

આ વૃદ્ધિ વૈશ્વિક સ્તરે સામાજિક સુરક્ષા કવરેજમાં સૌથી ઝડપી વિસ્તરણનું પ્રતિનિધિત્વ કરે છે, જે ''અંત્યોદય''ના વચનને પૂર્ણ કરવા માટે સરકારની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે - સમાજના છેલ્લા વ્યક્તિને સશક્ત બનાવવું અને કોઈને પાછળ ન છોડવું.

### સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચૂકાદો

# જો પ્રોજેકટમાં વિલંબ થાય તો ઘર ખરીદનારની હોમલોનનું વ્યાજ ચુકવવા બિલ્ડર જવાબદાર નથી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



વિલંબમાં મુકાતા આવાસ પ્રોજેકટમાં બુકીંગ કરાવનારને રીફંડ બારામાં સુપ્રીમ કોર્ટે એક મહત્વના ચૂકાદામાં જણાવ્યું હતું કે, બુકીંગ કરાવનાર ગ્રાહક તેણે બિલ્ડર-ડેવલપરને આપેલા નાણા અને તેમાં બન્ને વચ્ચેના કરાર મુજબ વળતર તરીક વ્યાજની રકમ જ વસુલી શકે છે પણ ગ્રાહકે જો આ પ્રોજેકટના પેમેન્ટ માટે બેન્ક ધિરાણ લીધુ હોય તો તે બેન્ક ધિરાણ પર ચુકવેલા વ્યાજના રીફંડની પણ બિલ્ડર કે ડેવલપર પાસે માંગણી કરી શકે નહી.

દેશભરમાં અને ખાસ કરીને દિલ્હી, નોઈડા આસપાસના પ્રોજેકટમાં અવારનવાર વિલંબ કે ડેવલપર દેવાળીયા થતા અટકી જતા પ્રોજેકટમાં જે તે બુકીંગ કરાવનાર અને બિલ્ડર-ડેવલપર વચ્ચે કાનુની તકરાર સર્જાય છે.

તે સંદર્ભમાં સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ સંજય કચેલની ખંડપીઠે એક મહત્વના ચૂકાદામાં જણાવ્યું કે, ઘર ખરીદનાર અને બિલ્ડર વચ્ચેના વિવાદમાં મલ્ટીપલ અનેકવિધ રીતે નુકશાન કે વળતરનો તર્ક સ્વીકાર્ય બને નહી તે માટે એક સરળ ફોર્મ્યુલા જ હોઈ શકે છે અને તેના આધારે બિલ્ડર ડેવલપર વચ્ચેના કરાર થાય છે.

સુપ્રીમકોર્ટે આ કેસમાં ગ્રાહક પંચનો આદેશ પણ ફગાવ્યો હતો જેમાં ઘર ખરીદનારે પઝેશન- નવા ઘરની સોંપણીમાં વિલંબ થવાથી તેના બુકીંગ રકમ તથા તેના પર વ્યાજ ઉપરાંત ઘર ખરીદનારે જે બેન્ક લોન લીધી હતી તેના પર ચૂકવેલા વ્યાજની રકમ પણ બિલ્ડર્સે દેવી પડે તેવું પ્રસ્થાપીત કર્યુ હતું.

આ અંગે ગ્રાહક પંચે મોહાલી એરીયા ડેવલપમેન્ટ ઓથોરિટી મારફત આદેશના અમલ કરવા પણ સૂચના આપી હતી. ઘર ખરીદનારને તેની બુકીંગ રકમ ૮% વ્યાજ તથા બેન્કનું ચુકવેલ વ્યાજ તેમાં ઉમેરીને પરત આપવા જણાવાયુ હતું. સુપ્રીમકોર્ટે તેના ચૂકાદામાં અગાઉના જ આ કોર્ટના ચુકાદાઓને ટાંકીને જણાવ્યુ હતું કે ઘર ખરીદનારે બુકીંગ એમાઉન્ટના નાણા કઈ રીતે મેળવ્યા છે તે જોવાનુ કામ બિલ્ડર/ડેવલપરનુ નથી.

ખરીદનાર ગ્રાહક પોતાની બચત-બેન્ક લોન કે અન્ય કોઈપણ સ્ત્રોતથી નાણા મેળવ્યા હોય શકે છે અને તેથી તે નાણાં પરનાં વ્યાજ કે કોઈ ખર્ચ માટે બિલ્ડર/ડેવલપરને જવાબદાર ગણાવી શકાય નહી.

જો બિલ્ડર-ડેવલપર સમય પર પ્રોજેકટ પુરો કરવામાં નિષ્ફળ ગયા હોય તો સેવામાં ખામી-ક્ષતિમાં ગ્રાહક અદાલતને તેમાં વળતરનો આદેશ આપવાનો અધિકાર છે અને તેથીજ પુરી બુકીંગ રકમ અને તેના પર ૮% વ્યાજની સાથે તે બુકીંગ કરાવનાર ગ્રાહકને ચુકવવાનો આદેશ યોગ્ય છે પણ તેની સાથે ગ્રાહકે જે રીતે બેન્ક લોન લઈને બિલ્ડર્સને નાણા ચુકવ્યા હતા તે લોનનું વ્યાજ પણ બિલ્ડર વળતર તરીકે આપે તે યોગ્ય નથી. ગ્રાહક ઘર ખરીદનારના નાણાના સ્ત્રોત તેના પર ખર્ચ અંગે બિલ્ડર જવાબદાર નથી.

આ કેસમાં સુપ્રીમકોર્ટે પેનલ તકરાર નિવારણ પંચ આદેશમાં ૨૪૧ લાખની બુકીંગ રકમ તથા ૮% વ્યાજ અને ઘર ખરીદનારને માનસિક રીતે સહન કરવુ પડયુ તથા કાનૂની ફી ચુકવવા પક્ષ તેના વળતર પેટે રૂા.૬૦૦૦૦ ચુકવવા આદેશ આપ્યો હતો તેને માન્ય રાખ્યો હતો પણ તેની બેન્ક લોન પરના વ્યાજના ચુકવણીનો દાવો રદ કર્યો હતો.

# રૂા.૨૭૦૦ કરોડના મની લોન્ડરીંગ કેસમાં ૨૪ સ્થળોએ ઈડીના દરોડા

### ધોલેરા સ્માર્ટ સીટી સહિતના પ્રોજેકટોનાં નામે જંગી છેતરપીંડી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રોકાણના નામે ઈન્વેસ્ટરો સાથે કરોડોની છેતરપીંડીને સાંકળતા રૂા.૨૭૦૦ કરોડના મની લોન્ડરીંગ કેસમાં આજે સવારથી એનફોર્સમેન્ટ ડીરેકટોરેટ (ઈડી) દ્વારા ગુજરાત, રાજસ્થાન તથા દિલ્હીમાં બે ડઝનથી વધુ સ્થળોએ મોટાપાયે દરોડા કાર્યવાહી હાથ ધરી છે.

નેકસા એવરગ્રીન પ્રોજેકટમાં નાણાં રોકનારાને નિશ્ચિત સમય બાદ ફ્લેટ, જમીન કે ઉંચા વળતર કેસમાં રોકડા નાણાં પરત આપવાની સ્કીમ હતી અને તેમાં કરોડો રૂપિયાની છેતરપીંડી થઈ હતી.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમો સવારથી રાજસ્થાન, ગુજરાત અને દિલ્હીમાં લગભગ ૨૪ સ્થળોએ દરોડા પાડી રહી છે. તપાસ એજન્સીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ લગભગ ૨૭૦૦ કરોડ રૂપિયાનો મની લોન્ડરિંગ કેસ છે.

આ દરોડા રાજસ્થાનના સીકર, જયપુર, જોધપુર, ઝુનઝુનુ, ગુજરાતના અમદાવાદ અને દિલ્હીમાં પાડવામાં આવી રહ્યા છે. પ્રોજેક્ટમાં રોકાણ કરનારાઓને કંપની દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે તેમને ચોક્કસ સમયગાળા પછી ફ્લેટ, જમીન અથવા ઊંચા દરે તેમના પૈસા પાછા મળશે. આ કેસમાં રાજસ્થાન પોલીસે ઘણા લોકો સામે ગુનો પણ દાખલ કરી હતી. મની લોન્ડરિંગ એક્ટ હેઠળ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે.

નેકસા એવરગ્રીન કંપની ૧૭ એપ્રિલ ૨૦૨૧ના રોજ અમદાવાદમાં નોંધાઈ હતી. રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ અમદાવાદના રેકોર્ડ દર્શાવે છે કે આ કંપની રિયલ એસ્ટેટ કામકાજ માટે નોંધાયેલી હતી. તેના માલિકો સુભાષ બિજારનિયા અને રણવીર બિજારનિયા છે, જે સીકરના પનલાવાના રહેવાસી છે. તેમણે ગુજરાતમાં ધોલેરા સ્માર્ટ સિટી પ્રોજેક્ટના નામે રોકાણના નામે લોકો પાસેથી રૂપિયા લીધા હતા.

કંપનીમાં બનવારી મહરિયા, ઉપેન્દ્ર બિજારનિયા, લક્ષ્મી સલીમ ખાન, સમીર, દાતાર સિંહ, રક્ષાપાલ, ઓમપાલ અને સાંવરમલના નામ પણ સામે આવ્યા છે.

રણવીર અને સુભાષે માત્ર નેક્સા એવરગ્રીનના નામે જ નહીં પરંતુ બીજા ઘણા નામે પણ કંપનીઓ બનાવી હતી. આ નામે ઘણી બેંકોમાં ખાતા ખોલવામાં આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે છેતરપિંડી કરનારાઓના HDFC, AU Small, ICICI, Equitas, IDFC સહિત ઘણી બેંકોમાં ખાતા છે.





જે કંપનીઓના નામે ખાતા ખોલવામાં આવ્યા હતા તેના માલિકો પણ અલગ અલગ હતા. નેક્સા એવરગ્રીન ઉપરાંત, નેક્સા એવરગ્રીન ડેવલપર્સ, નેક્સા એવરગ્રીન બિલ્ડર્સ, નેક્સા એવરગ્રીન ધોલેરા, ધોલેરા બિલ્ડર્સ, ધોલેરા એવરગ્રીન ડેવલપર, એવરગ્રીન બિલ્ડર ડેવલપર, ધોલેરા ડેવલપર જેવી ઘણી કંપનીઓ છે.

ખાસ વાત એ છે કે આ કંપનીઓના અલગ અલગ ડિરેક્ટર હતા. લોકોને છેતરવા માટે, મોટાભાગના પ્રોજેક્ટ્સ અને કંપનીઓના નામ ધોલેરા સિટીના નામ પર રાખવામાં આવ્યા હતા.

તેમણે ડ્રાઈવરો અને કર્મચારીઓના એક કંપની બનાવી હતી. બેંક મેનેજર સાથે વાત કરતાં જાણવા મળ્યું કે છેલ્લા એક મહિનામાં વ્યવહારો ઘણા વધી ગયા હતા.

# દક્ષિણ ભારતમાં ચોમાસુ સક્રિયઃ દિલ્હી તેમજ રાજસ્થાનમાં ભીષણ ગરમી

### હૈદરાબાદ - કર્ણાટક કેરળમાં ભારે વરસાદ ; ૧૭ મી સુધીનુ એલર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એકાદ પખવાડીયાથી સ્થગીત ચોમાસું ફરી સક્રિય થયુ હોય તેમ હૈદરાબાદથી પોંડીચેરી સુધી ભારે વરસાદ પડયો છે. બીજી તરફ દિલ્હીથી રાજસ્થાન સુધીના રાજયોનાં હાલ હીટવેવ-ભીષણ ગરમીથી બેહાલ છે.

કર્ણાટકમાં આજે સવારથી મુશળધાર વરસાદ પડવા સાથે હવામાન વિભાગ દ્વારા ૧૭ જુન સુધી વ્યાપક-ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું હતું. રાજયના ધારવાડ સહીતનાં અનેક જીલ્લાઓમાં સવારથી ભારે વરસાદ થતા જળબંબાકારની હાલત સર્જાઈ હતી.

સમુદ્રીકાંઠાથી માંડીને અંતરીયાળ સુધીનાં તમામ ભાગોમાં ૧૭ જુન સુધી ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી



છે.હૈદરાબાદમાં પણ ભારે વરસાદ હતો તેવી જ રીતે પોંડીચેરીમાં અનરાધાર વરસાદથી અનેક ભાગો જળબંબાકાર થયા હતા.

બીજી તરફ ઉતર ભારતનાં રાજયોમાં ગરમીનો કહેર હોય તેમ હાલ બેહાલ બન્યા હતા. આકાશમાંથી આગ વરસતી હોવાનો માહોલ રહ્યો હતો.રાજસ્થાનનાં શ્રીગંગાનગરમાં તાપમાન ૪૮ ડીગ્રીએ પહોંચી ગયુ હતું.દિલ્હીમાં તાપમાન ૪૩ ડીગ્રી હોવા છ્તા ૫૦ ડીગ્રીનો અનુભવ હતો જેને કારણે રેડએલર્ટ જાહેર કરાયુ હતું.

હવામાન વિભાગ દ્વારા એમ કહેવાયું છે કે, આવતીકાલ-તા.૧૩ જુનથી વેસ્ટર્ન ડીસ્ટબર્ન્સની ઉતર-પશ્ચિમ ભારત પર અસર શરૂ થશે અને તેના પ્રભાવ હેઠળ પાટનગરમાં હળવો વરસાદ થઈ શકે છે ૧૪ થી ૧૭ જુન દરમ્યાન તાપમાનમાં ઘટાડો થશે.

હરીયાણા રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઊતરીય મધ્યપ્રદેશ, પંજાબ તથા ઉતરપ્રદેશમાં આવતા ૩-૪ દિવસ સુધી ભીષણ લુ ફુંકાવાની ચેતવણી આપવામાં આવી છે.પંજાબ,હરીયાણા તથા રાજસ્થાનમાં રેડએલર્ટ જારી કરવામાં આવ્યું છે.

ઉતર પ્રદેશમાં તાપમાન ૪૫ ડીગ્રી રહયું છે.૧૫ મી જુનની વરસાદી દોર શરૂ થશે. હવામાન વિભાગે કર્ણાટક, તામીલનાડૂ જેવા કેરળ જેવા દક્ષીણના રાજયોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે.

# જામનગરની જાણીતી શિપિંગ કંપની દ્વારા વડોદરાની પેઢી સામે રૂપિયા ત્રણ કરોડથી વધુની વસૂલાત માટે દાવો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની પ્રતિષ્ઠિત શિપીંગ કંપની શ્રીજી શિપીંગ ગ્લોબલ લિમીટેડે વડોદરાની કૈલાશ બલ્ક હેન્ડલીંગ પ્રા.લિ.સામે કુલ રૂા.૩ કરોડથી વધુની રકમ વસુલવા દાવો કર્યો છે.દેશના વહાણવટા ઉધોગમાં પ્રતિષ્ઠિત કંપની એવી જામનગરની શ્રીજી શિપીંગ ગ્લોબલ લિમીટેડે વડોદરાની કૈલાશ બલ્ક હેન્ડલીંગ પ્રાઈવેટ લિમીટેડનું સ્ટીવડોરીંગ અને લોડીંગ-અનલોડીંગનું કામ કર્યું હતું તેમજ બાર્જ સહિતના સાધનો ભાડે આપ્યા હતાં, જેની રૂા.૧,૮૧,૨૦,૫૦૦ લેવાના થતાં હતાં. પરંતુ વડોદરાની આ કંપનીએ કામની રકમ નહી ચુકવતાં જામનગરની શ્રીજી શિપીંગ ગ્લોબલ લિમીટેડ દ્વારા જામનગરની સિવીલ કોર્ટમાં લ્હેણી રકમ વ્યાજ સાથે વસુલ કરવા દાવો કર્યો છે.આ દાવામાં વર્ષ ૨૦૨૧ થી અત્યાર સુધીની મુદ્દલ તથા વ્યાજ સહિત કુલ રૂા.૩,૧૧,૬૭,૨૬૦ વસુલ કરવા કરેલા દાવામાં જણાવાયું છે કે વડોદરાની કંપનીએ જામનગરની શ્રીજી શિપીગને લ્હેણી રકમ પેટે છેલ્લે વર્ષ ૨૦૨૩માં રૂા.પંદર લાખ ચુકવ્યા હતાં. એ પછીથી અત્યાર સુધી લ્હેણી રકમ ચુકવી નથી.આ દાવામાં સામાવાળી વડોદરાની કૈલાશ બલ્ક હેન્ડલીંગ પ્રા.લિ.ના ડાયરેકટરો તરીકે પ્રતિક્ષા પ્રદિપ ઝા, તૌષી ઝા, પ્રવિણભાઈ શાંતિલાલ શાહ અને નિહાર સનતકુમાર માંકડ સામે આ કાનુની કાર્યવાહી કરવામાં આવી છે.

# જામનગરમાં PSI અને રાઈટર વતી લાંચ લેતો SOGનો કોન્સ્ટેબલ ઝડપાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં PSI અને રાઈટર વતી લાંચ લેતો SOGનો કોન્સ્ટેબલ ઝડપાયો.જામનગરમાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ એક મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. રાજકોટ ACBના ફિલ્ડ PI વિરાણીની આગેવાની હેઠળ જામનગરમાં લાંચના કેસમાં ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ઉદ્યોગનગર પોલીસ ચોકીના PSI આર.ડી. ગોહિલ અને તેના રાઈટર ધમ મોરી બંનેએ ૫૦-૫૦ હજાર રૂપિયાની લાંચ માંગી હતી.આ લાંચ લેવા માટે જામનગર SOGના પોલીસ કોન્સ્ટેબલ રવિ શર્માને વચેટિયા તરીકે મોકલવામાં આવ્યો હતો. ACBએ ટ્રેપ ગોઠવીને રવિ શર્માને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. હાલમાં PSI આર.ડી. ગોહિલ અને રાઈટર ધમ મોરી ફરાર છે અને પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે. ACB દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# ભાયાવદર પાલિકાના સત્તાધીશો અંગત સ્વાર્થ માટે ગમે ત્યાં સ્ટ્રીટ લાઈટ ફીટ કરતા હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, ભાયાવદર**
**અહેવાલ - વિજય રાડીયા**



ભાયાવદરમાં માપ અંતર રાખ્યા વગર પાલિકાના સત્તાધિશો ગમે ત્યાં સ્ટ્રીટ લાઈટ ફિટ કરીને સરકારીની તિજોરી ઉપર પોતાના સ્વાર્થ માટે ખોટા બોજા ઉભા કરી રહ્યું હોય તેવો તાલ સર્જાયો છે. અને જ્યાં જરૂર નથી તેવી જગ્યાઓ જેમકે પ્રાઈવેટ નવેરા કે માલિકી હોય તેવી જગ્યા પર બિનકાયદેસર લાઈટ ફીટ કરી દીધી છે, તેમજ પાલિકાના આ વીજ જોડાણમાંથી રાતના સમયે ઘણા લોકો લંગરિયા મારીને વીજ ચોરી કરે છે અને તંત્ર ને ખબર હોવા છતાં કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં નહીં આવતા આવા લોકોને મોકળું મેદાન મળી ગયું હોય તેવું લાગી રહ્યું છે. સ્ટ્રીટ લાઈટ નવી ફીટ કરવા માટે નિયમ અનુસાર ૩૦ મીટરના અંતરે એક હોવી જોઈએ ત્યાં ૯૭.૫૦ ફૂટમાં ત્રણ ત્રણ લાઈટ મૂકી દેવાથી કાયદેસર સરકારની તિજોરીમાં ખોટો બોજો વધી જાય છે અને વીજ પુરવઠો ખોટી રીતે વધતા અને તેમાં ચોરી થવાથી નગરપાલિકાને વીજ બિલ પણ વધારે આવે છે.

# જામનગરનો યુવાન લૂંટેરી દુલ્હનનો શિકાર બન્યો, ૧.૮૦ લાખ ગુમાવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરનો એક યુવાન રાજકોટની એક લૂંટેરી દુલ્હનનો શિકાર બન્યો છે અને ૧,૮૦,૦૦૦ ગુમાવ્યા છે. દુલ્હન બે દિવસના રોકાણ બાદ પોતે પરિણીત છે અને અહીં રોકાવું નથી, નહીંતર આપઘાત કરી લઈશ તેવો ડર બતાવી રાજકોટ પરત ચાલી ગઈ હતી. આથી દુલ્હન અને લગ્ન કરાવનાર જામનગરના મેરેજ બ્યુરો સંચાલીકા મહિલા તેમજ રાજકોટના વચેટિયાઓ સહિત કુલ ૬ સામે છેત્તરપિંડી અંગેની ફરિયાદ નોંધાવાઇ છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર જામનગરમાં રહેતા જીગ્નેશભાઈ ગુણવંતરાય ખેતિયા નામના ૪૬ વર્ષના યુવાનને પત્ની સાથે છૂટાછેડા થઈ જતાં બે સંતાનો તેમની સાથે રહે છે.તેમને ફરીથી લગ્ન કરવા હોવાથી જામનગરમાં મેરેજ બ્યુરો ચલાવતા મીતાબેન ખેતિયાનો સંપર્ક કર્યો હતો. મીતાબેને રાજકોટના મુકેશભાઇ ભીખાભાઈ મકવાણા, સબીરભાઈ નાગોરી વગેરેના સંપર્કથી રાજકોટની નુરી નામની યુવતી સાથે રૂપિયા ૧,૮૦,૦૦૦ હજારમાં સોદો કરીને લગ્નનું ગોઠવી દીધું હતું. જામનગરમાં રજીસ્ટર મેરેજ ઉપરાંત મંદિરમાં પણ લગ્ન વિધિ સંપન્ન કરી હતી. યુવાને આપેલી રકમ પૈકી મીતાબેનને ૨૦,૦૦૦, મુકેશભાઈને ૧.૨૦ લાખ અને બાકીની રકમ નુરી તથા તેના ભાઈ,ભાભીને આપી દેવાઇ હતી.લગ્ન બાદ નુરી બેન જામનગરમાં પત્ની તરીકે બે દિવસ રોકાયા બાદ ખાવા,પીવાનું બંધ કર્યું હતું.અને પોતે પરિણીત છે અને અહીં નથી રહેવું તેવા નાટક કરી પોતે આપઘાત કરી લેશે તેવો ડર બતાવી રાજકોટ ચાલી ગઈ હતી.તથા આ તમામ લોકોએ યુવાનને રકમ પરત આપવાનો ઇન્કાર કરી દેતા છેત્તરપિંડી કરનાર તમામ છ સામે જામનગરમાં પોલીસ ફરિયાદ નોંધાવાતા તપાસનો દૂર રાજકોટ સુધી લંબાવાયો છે.

# માળીયા મિયાણામાં સગીરા પર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવનાર આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા

## ભોગ બનનારને ૪.૧૦ લાખ વળતર ચુકવવા સરકારનો આદેશ



**મુખ્ય સમાચાર, મોરબી**

બે વર્ષ પૂર્વે માળીયા મીયાણા તાલુકાના ફરિયાદી દ્વારા ગત જૂન ૨૦૨૩માં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. કે તેની સગીરવયની દીકરી સાથે આરોપીએ શરીર સબંધ બાંધી પાંચથી છ માસનો ગર્ભ રાખી દીધો હતો. જે કેસમાં મોરબીના વિશેષ ન્યાયાધીશ (પોક્સો કેસ) અને અધિક સેશન્સ જજની ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટે આરોપીને વીસ વર્ષની સખ્ત કેદની સજા અને રૂા. ૧૦,૦૦૦/-નો દંડ ફટકાર્યો છે.

મોરબી જિલ્લાના માળીયા મીયાણાના ફરિયાદી દ્વારા જૂન ૨૦૨૩ માં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી કે તેની સગીરવયની દીકરીને આરોપી જસમત ગોવિંદભાઈ સિતાપરાએ ૧૫/૦૬/૨૦૨૨ થી ૧૮/૦૬/૨૦૨૩ સુધીમાં અવાર નવાર ગામની પ્રાથમિક શાળાના પાછળના ભાગે આવેલ સરકારી ખરાબાની જગ્યામાં શરીર સંબંધ બાંધી પાંચ છ માસનો ગર્ભ રાખી દીધો હતો.તેથી દીકરી સગીરવયની હોવાથી આરોપી વિરૂદ્ધ ગુન્હો દાખલ કરાયો હતો.જે કેસ મોરબીના વિશેષ ન્યાયાધીશ (પોકસો કેસ) અને અધિક સેશન્સ જજ સાહેબની કાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ મોરબી સમક્ષ ચાલી જતાં ફરિયાદી તરફથી સરકારી વકીલ એસ.સી.દવે અને એન. ડી. કારીયા દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી આ કેસમાં ફરિયાદ પક્ષ તરફથી મૌખિક ૧૧ અને લેખીત ૨૬ પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા.જે બંને પક્ષની દલીલો સાંભળી અને પુરાવાને

ધ્યાને લઈ આરોપી જસમતભાઈ ગોવિંદભાઈ સીતાપરાને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬ (૨)(જે)(એન) ની સાથે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૫(એલ), ૬ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને રૂા. ૧૦,૦૦૦/-નોદંડ, અને આરોપી જો દંડની રકમ ભરવ-ામાં નિષ્ફળ જાય તો વધુ ૬ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૭અન્વયે આરોપીને કરવામાં આવેલ સજા એક સાથે ભોગવવાનો હુકમ કરાયો છે. વધુમાં ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના મુજબ અપીલ પીરીયડ બાદ ભોગબનનારને . ૪,૦૦,૦૦૦/-+ આરોપી જે દંડની રકમ રૂા. ૧૦,૦૦૦/- ભરે તે મળી કુલ રૂા. ૪,૧૦,૦૦૦/-વળતર પેટે (આરોપી દંડની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ જાય તો રૂમ. ૪,૦૦,૦૦૦/-વળતર પેટે મેળવવા હકકદાર ગણાશે.) જે ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે. જે વળતરની રકમ ચુકવવા જિલ્લા કાનુની સેવા સતા મંડળ, જિલ્લા ન્યાયાલય, મોરબીને હુકમ કરવામાં આવ્યો છે. ગુજરાતની ભોગબનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ ના નિયમોના નિયમ-૧૧(૩) અનુસાર, ભોગબનનારને ઉપરોકત ચુકવવાપાત્ર વળતરની રકમ ભોગ બનનારના નામે એકાઉન્ટ પેઈ ચેકથી નિયમોનુસાર ચુકવી આપવા કોર્ટે હુકમ કર્યો છે.

# માળીયા(મી)માં યુવતીને ઈન્સ્ટાગ્રામ અને ફોન દ્વારા પરેશાન કરતા શખ્સ સામે ફરિયાદ

## પરિચય કેળવી વાત કરવા દબાણ કરી, ભાઈના હાથ પગ ભાંગી નાખવાની ધમકી આપતો હતો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના યુવક વિરૂદ્ધ અનુસૂચિત જાતિની યુવતીને સોશિયલ મિડીયા અને ફોન દ્વારા તેમજ રૂબરૂ વારંવાર હેરાનગતિ અને ધમકી આપવાના ગુનામા માળીયા(મી) પોલીસ મથક માં બીએનએસ અને અટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. હાલ પોલીસ દ્વારા આરોપીની અટક કરવા સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માળીયા(મી) તાલુકાના ગ્રામ્યમાં રહેતી મહિલા દ્વારા માળીયા(મી) પોલીસ મથકમાં આરોપી હાર્દિક નકુમ દલવાડી રહે. મોરબી પંચાસર ચોકડી વાડી વિસ્તારમાં રહેતા યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે, આરોપી હાર્દિક નકુમે સાહેદ સાથે ઈન્સ્ટાગ્રામ સોશીયલ મિડીયા મારફતે પરીચય કેળવ્યો હતો. ત્યારે એકબીજા ચેટીંગ કરી ફોન ઉપર વાતચીત કરવાનો દૌર શરૂ થયો હતો. જેમા સાહેદ પોતે અનુસુચીત જાતીના હોવાનુ આરોપી હાર્દિક નકુમને જણાવવા છ્તા, આરોપીએ સાહેદને ફોન કરી પોતાની સાથે વાત કરવા માટે હેરાન પરેશાન કરતો હતો, જો સાહેદ ફોનમા આરોપી યુવક સાથે વાત ન કરે

અથવા સાહેદના ભાઈ ફોનમા વાત ન કરવા દે તો તેના ભાઇના હાથ પગ ભાંગી નાખવાની ગુનાહીત ધમકી ફોનમા તથા સાહેદ આરોપી હાર્દિકને સમજાવવા માટે મળવા માટે ગયેલ. ત્યારે રૂબરૂમા પણ તે પ્રકારની ધમકી આપી સબંધ ચાલુ રાખવા દબાણ કરી ગુન્હાહીત ધમકી આપતો, ત્યારે સમગ્ર બનાવ મામલે માળીયા(મી) પોલીસે આરોપી વિરુદ્ધ બીએનએસ કલમ તથા અટ્રોસિટી એક્ટ કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જ્યારે આ કેસની તપાસ નાયબ પોલીસ અધિક્ષક વી.બી. દલવાડી દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

# રાજકોટમાં ભગવાન જગન્નાથજીની કળશ યાત્રા નિકળી





તસવીર : આનંદ જાવીયા





## ભગવાનને કેસર-ચંદનથી સ્નાન કરાવાયુ, કળશધારી બહેનો મોટી સંખ્યામાં જોડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આગામી ૨૭ જૂનનાં ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલ આ રથયાત્રાની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે બપોર બાદ કળશયાત્રા યોજાઈ હતી, જેમાં ૧૦૮ કળશધારી બહેનો જોડાઇ હતી. જુદા-જુદા ૧૦૮ પ્રકારના જળ વડે ભગવાનને કેસર-ચંદનથી સ્નાન કરાવાયુ હતું. આ કળશ યાત્રામાં બાળાઓ, બહેનો અને સાધુસંતો તેમજ ભક્તજનો જોડાયા હતા.

કૈલાસધામ આશ્રમના મહંત ત્યાગી મનમોહનદાસજીનાં જણાવ્યા મુજબ આગામી ૭ જુલાઈના વાજતે ગાજતે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે. જેમાં સંતો અને મહંતોની સાથે વિવિધ રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓ પણ જોડાશે. આ પૂર્વે જગન્નાથ મંદિરે વૈદિક પરંપરા મુજબ આજે ભવ્ય કળશયાત્રાનું આયોજન કરાયું છે. જેમાં ૧૦૮ કળશધારી બહેનો વાજતે-ગાજતે નાનામવા ગામના કુવે પાણી ભરવા જશે, તે પાણી અને કેસર-ચંદનથી મંદિર પટાંગણમાં ભગવાન જગન્નાથજીને સ્નાન કરવામાં આવશે.

આ કળશ યાત્રામાં બાળાઓ, બહેનો અને સાધુસંતો તેમજ ભક્તજનો જોડાયા હતા. અને દૂધ કેસર અને ૧૦૮ ઘડા જળથી ભગવાનને સ્નાન કરાવ્યા બાદ નીજ મંદિરમાં પરત લાવવામાં આવશે. આજ દિવસ બાદ ભગવાનને જવર (તાવ) આવી જવાથી તેઓ આરામ કરશે. બાદમાં ૨૭ જૂને ભગવાન જગન્નાથની રથયાત્રા કાઢવામાં આવશે. આ રથયાત્રા શહેરના તમામ મુખ્ય માર્ગો ઉપર ફરશે અને ભગવાન પોતે વિવિધ વિસ્તારોમાં જઈને લોકોને દર્શન આપશે. ભગવાનના દર્શન કરી લોકો ધન્યતા અનુભવશે.

# જસદણમાં ડિમોલેશન રોકવામાં નહીં આવે તો ભાજપના ચાર સભ્યોના રાજીનામાની ચીમકી



**મુખ્ય સમાચાર, જસદણ**
**તસવીરઃ બિજલ ભેસજાળીયા**

જસદણ નગરપાલિકાના વોર્ડ નં.૨ ના ભાજપના ચારેય સભ્ય બીજલભાઈ ભેંસજાળીયા, જલ્પાબેન કુબાવત, કાજલબેન ઘોડકીયા અને વિરમભાઈ મેવાડાએ જસદણ પ્રાંત અધિકારી અને જસદણ મામલતદારને લેખીત રજુઆત કરી છે. જેમાં જણાવ્યું છે કે, વોર્ડ નં.૨ નાં ભારતીય જનતા પાર્ટીના ચારેય જસદણ નગરપાલિકાના નગર સેવકો આપને જણાવીએ છીએ કે છેલ્લા ઘણા દિવસોથી વોર્ડ નં.૨ માં આવેલ કમળાપુર રોડ ઉપર આવેલ અંબાજી મંદિર પાસેના વિસ્તારમાં રહેતા દેવીપૂજક સમાજના ગરીબ પરિવારનાં લોકોને રહેણાંક કાનનું દબાણ દુર કરવા બાબતેની નોટીસો આપવામાં આવેલ છે. તો આપને અમો લેખિતમાં જાણ કરીએ છીએ કે દબાણ તો આખા જસદણ શહેરમાં મોટા મોટા માથાઓએ કરેલ છે. તેમને કેમ એક પણ નોટીસ આપવામાં આવતી નથી. માત્ર અમારા વિસ્તારના વોર્ડ નં.૨ માં દેવીપૂજક સમાજ છેલ્લા ૬૦ વર્ષથી આ વિસ્તરમાં રહે છે અને મજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. જો તમારે દબાણ દુર કરવુ જ હોય તો આખા જસદણમાં દબાણો કરેલ છે તેવા આસામીઓના પહેલા દબાણો દુર કરો. ત્યારબાદ પછી અમારા વિસ્તારના દેવીપૂજક ગરીબ પરિવારના લોકો તેમની જાતે જ દબાણ દુર કરી આપશે જે વોર્ડ નંબર ૨ માં જ્યારે જ્યારે ચૂંટણીઓ આવે છે ત્યારે વોર્ડ નંબર બેમાંથી ખૂબ જ લીડ આપે છે તેમજ જ્યારે સરકાર ના કાર્યક્રમો હોય ક્યારે બસો પણ આ વિસ્તારમાંથી જાજી ભરાય છે અને મતદાન પણ ખૂબ જ વેલુ પૂર્ણ કરી નાખે છે તો આ સમાજ સાથે અન્યાય કેમ થાય છે આપને અમો ખાત્રી આપીએ છીએ. તો આપને અમારી વોર્ડ નં.૨ નાં જસદણ નગરપાલિકાના સદસ્યોની માંગણી છે કે આ ગરીબ દેવીપુજક સમાજનાં લોકોના રહેણાંક મકાનોના દબાણો દુર ન કરવા અમારી માંગણી છે. તેમ છ્તાં જો દેવીપૂજક સમાજનાં લોકોના મકાનો તોડવામાં આવશે તો અમો જસદણ વોર્ડ નં.૨ નાં ભારતીય જનતા પાર્ટીના ચારેય સદસ્યોને રાજીનામાં દેવાની ફરજ પડશે તેવી અંતમાં ચીમકી ઉચ્ચારવામા આવતા તંત્ર ભારે મૂંઝવણમાં મુકાયું છે. હવે એ જોવાનું રહ્યું કે શું વહીવટી તંત્ર દ્વારા આ દબાણ હટાવવાની કામગીરી અટકાવી દેવામાં આવશે કે પછી જસદણ નગરપાલિકાના ભાજપના ચારેય સભ્યોને રાજીનામાં આપવાની ફરજ પડશે તે જોવાનું રહ્યું.



# રાજયગુરુ પરિવારનું ગૌરવ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરનાં દિપકભાઈ રાજયગુરુના પુત્ર નમિષ દિપકભાઈ એ બેચલર ઓફ ટેકનોલોજી ઇન કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ.ની semistet-1ની પરીક્ષામાં ૧૦ માંથી 8.88 sgpa & cgpa મેળવી.યુનિવર્સિટીમાં પ્રથમ નંબર મેળવી રાજયગુરુ પરિવાર નું ગૌરવ વધાર્યું છે

# કેવડાવાડી, સરદારનગર અને સોની બજારમાં તસ્કરોના ધામા

## રોકડ, સોનાના દાગીના, મોબાઈલ ફોન તફડાવી જતા તસ્કરો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પોલીસના નબળા પેટ્રોલીંગનો તસ્કરો ભરપુર ફાયદો ઉઠાવી રહ્યા છે ત્યારે પોલીસ ચોપડે ૭લાખની ચોરીના વધુ ત્રણ બનાવ નોંધાયા છે.

કેવડાવાડીના હેરીટેજ એપાર્ટમેન્ટમાં ત્રીજા માળે રહેતાં દેવાંશીબેન સાગરભાઈ સોનીએ ભકિતનગર પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કેગઈકાલે સવારે તેણી સાડા અગિયાર વાગ્યા આસપાસ ફલેટને તાળુ મારીને પુત્રને સ્કુલે તેડવા ગઈ હતી બપોરે સાડા બારેક વાગ્યા પરત ઘરે આવેલ ત્યારે તાળુ જોવા મળ્યું ન હતું જેથી ઘરમાં જઈ તપાસ કરતા કબાટ તથા સામાન વેર વિખેર હતા જેથી તપાસ કરતા કબાટમાં રાખેલા ૪૫ હજાર રોકડ, સોનાની લકકી, બે વીંટી, એક ચેઈન, પેન્ડલ, મંગલસૂત્ર, ચેઈન, બે જોડી બુટી, સોનાની ચુંક, અન્ય બે પેન્ડલ, સોનાની લગડીના બે ટુકડા સહિત રૂ.૧,૯૬,૮૦૦ની મત્તાની ચોરી થયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

તેમજ સરદારનગર મેઈન રોડ પર સિલ્વર ગોલ્ડ એપાર્ટમેન્ટમાં રહેતા ખુશમીત મનોજકુમાર બારાઈએ એ ડીવીઝન પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ઘરે સુતો હતો માતા સ્કુલમાં નોકરી પર જવા નીકળ્યા ત્યારે મને જગાડી ઘરનો ફોન તારા રૂમમાં ચાજીંગમાં મુકું છું કહી દરવાજો ખુલ્લો રાખી જતા રહ્યા હતા બાદ નવેક વાગ્યે જાગીને જોયું તો એક આઈફોન, વનપ્લસ, અને રેડમી સહિત કંપનીના ૩ ફોન તેમજ એર બડ્સ, સોનાની વીંટી, આઈ વોચ, સહિત ૧.૩૭ લાખનો સામાન જોવા ન મળતા ચોરી થયાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

તેમજ સોની બજારમાં રહેતા મલેકાબેન સૈફુદીનભાઈ ગાંધી નામના વૃધ્ધાએ એ ડીવીઝન પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ચૌધરી હાઈસ્કુલ પાસે આવેલ માસ્ટર કલાસમાં પાર્ટ ટાઈમ લેકચરર તરીકે નોકરી કરૂ છું ગઈકાલે કલાસ પૂર્ણ કરી ઘરે આવી જોતા બેડ રૂમનો દરવાજો ખુલ્લો હતો અને કબાટનો સામાન વેર-વિખેર હતો તેમાં રહેલા સોના-ચાંદીના દાગીના રૂ.૩.૭૭ લાખના જોવા ન મળેલ જેથી તપાસ કરતા દિવાલ તુટેલ હોય તસ્કરોએ બાકોરુ પાડી ઘરમાં પ્રવેશ કરી ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જીન્સનું પેન્ટ, કુર્તા કે ડ્રેસની રૂપકડી થેલી મહિલાઓને અપાવશે શોપિંગનું ગૌરવ

## રાજકોટ જિલ્લાની વિવિધ નગરપાલિકાઓમાં ઓક્ટોબર માસ સુધી દર ગુરુ અને શુક્રવારે જુના કપડાંમાંથી નિઃશુલ્ક થેલી મેળવી શકાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્લાસ્ટિકનું ઝબલું આપોને.. મોટા ભાગે ખરીદી કરનાર ગ્રાહકોની આ માંગ દુકાનદાર માટે સામાન્ય હોય છે. ખરીદેલી વસ્તુને ઘરે લઇ જવા માટે આપણે સાથે કપડાંની થેલી રાખવાનું તો સાવ ભૂલી જ ગયા છીએ. અને દુકાનદારો ગ્રાહકોને સંતોષ એ જ અમારો મુદ્રાલેખના સૂત્ર સાથે કમને પ્લાસ્ટિકના ઝબલા આપી પર્યાવરણને નુકસાન પહોંચાડી રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા પ્લાસ્ટિકમુક્ત ગુજરાત અભિયાન હેઠળ સૌથી વધુ ચલણમાં રહેલા પ્લાસ્ટીકના ઝબલા પર પ્રતિબંધ મુકાયો છે. લોકોની સમજદારી સાથે પ્લાસ્ટીકને રોજિંદા જીવનમાંથી સંપૂર્ણ દૂર કરવું જરૂરી છે. કારણકે પ્લાસ્ટિકનો નાશ કરવો ખુબ મુશ્કેલ છે અને તે પર્યાવરણને પણ બેહદ નુકસાન કરે છે. આ તકે મહાનગરપાલિકા સહીત નગરપાલિકાઓ દ્વારા લોકોને પ્લાસ્ટિકના ઝબલાંના વ્યસનથી મુક્ત કરવા વેસ્ટમાંથી બેસ્ટ થીમ સાર્થક કરતો નવતર અભિગમ સ્વચ્છ ભારત મિશન શહેરી અને ગુજરાત અર્બન લાઈવલીહૂડ મિશનના સંયુક્ત ઉપક્રમે 'માય થેલી' પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

આપણે જાણીએ છીએ કે એક પણ એવું ઘર નહીં હોય કે જેમની પાસે જુના વપરાશના કપડાં ન હોય. તો આવા જુના કપડાં છે, તેનું શું કરવું ? બસ, આ જ વિચારને સદાચારમાં ફેરવી આપે છે 'માય થેલી' પ્રોજેક્ટ.

રાજ્ય સરકારના લાઈવલીહુડ મિશન અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં સખી મંડળની બહેનોને તેમનું આર્ટ પ્રદર્શિત કરવા રાજ્ય સરકાર દ્વારા તેઓને પ્રોત્સાહક કામગીરી, ભંડોળ અને વેચાણ માટે મેળાઓનું આયોજન કરી આપવામાં આવે છે. ત્યારે આજ બહેનો તેમની સીવણની સ્કિલ થકી પ્લાસ્ટિકમુક્ત ગુજરાત અભિયાનના વાહક બન્યા છે.

રાજકોટ જિલ્લામાં જસદણ, જેતપુર નવાગઢ, ગોંડલ, ભાયાવદર સહિતની નગરપાલિકા વિસ્તારની જાહેર જનતાને પ્લાસ્ટિક નાબૂદી ઝુંબેશ અન્વયે 'માય થેલી' ઈવેન્ટમાં નગરપાલિકાના સ્વ સહાય જુથો (સખી મંડળ)ના બહેનો દ્વારા જુના કપડા લઈને આવશે તેઓને જુના કપડાંની થેલી વિનામૂલ્યે સ્થળ પર જ બનાવી બનાવવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટ અંતર્ગત ઓક્ટોબર માસ સુધી દર ગુરુ અને શુક્રવારે થેલી બનાવી આપવામાં આવશે.

હવે માર્કેટમાં જ્યારે મહિલાઓ શોપિંગ કરવા જશે ત્યારે હાથમાં ઘરના સભ્યોના જીન્સના પેન્ટ કે ટૂંકા પડી ગયેલા ડીઝાઈનર કપડાંમાંથી બનેલી ફેશનેબલ થેલી હશે, ગરિમામય શોપિંગની અનુભૂતિ સાથે પ્લાસ્ટિકમુક્ત અભિયાન પણ સફળ બનશે. આમ કપડાંનો પૂરેપૂરો વપરાશ કર્યા પછી હવે તેનો થેલી તરીકે ઉપયોગ થતા એવું કહેવાય કે, 'આમ કે આમ ગુટલીઓ કે ભી દામ'.

# મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા "પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર" મહિલા સહાયતા કેન્દ્રમાં નિસહાય નિરાધાર લોકોને મળે છે ન્યાય

## રાજકોટ જિલ્લામાં ૩ પોલીસ સ્ટેશન ખાતે કાર્યરત મહિલા સહાયતા કેન્દ્રમાં પારિવારિક પ્રશ્નોનું સમાધાન ડીસ્ટ્રીકટ કાઉન્સેલર કરી આપે છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આધુનિક યુગમાં જયારે સંયુક્ત કુટુંબની આદર્શ વિભાવના તૂટતી જાય છે, ત્યારે સૌથી વધુ મુશ્કેલી ઘરના વડીલ લોકોને થતી હોવાના અનેક કિસ્સા સામે આવી રહ્યા છે. આવા જ એક કિસ્સામાં એક વયોવૃદ્ધ દંપતીને તેમના પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર દ્વારા હેરાનગતિ કરવામાં આવતી હતી. તેઓને પડતી તકલીફને વાચા મળે, તે ઉદેશ્ય સાથે આ દંપતી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલા પોલીસ સ્ટેશન, રાજકોટ ખાતે ચાલતા મહિલા સહાયતા કેન્દ્રમા ન્યાયની આશા સાથે આવી પહોંચ્યું હતું.

અહીં તેમણે પોતાની વ્યથા રજૂ કરતા જણાવ્યું હતું કે, તેમના પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર દ્વારા તેમને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. દંપતીએ જણાવ્યું કે, નાની ઉંમરમાં તેમના લગ્ન થયા હતા અને પતિ કડિયાકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને બે દીકરીઓ અને એક દીકરો છે. મહામહેનતે ત્રણેય સંતાનોને ઉછેરી, પગભર કરીને પરણાવ્યા હતા.



હવે જ્યારે તેમની ઉંમર થઈ છે, ત્યારે તેમનો પુત્ર તેમની સાથે રહેવા તૈયાર નથી. ઘરમાં નાની નાની બાબતોમાં પણ વસ્તુઓ વાપરવા બાબતે બોલાચાલી થાય છે. વૃદ્ધ દંપતીએ વ્યથા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, તેમનું બે માળનું મકાન હોવા છતાં, પુત્ર, પુત્રવધૂ અને તેમનો દીકરો પણ તેમને ગાળો બોલે છે અને અપમાનિત કરે છે. અને વયોવૃદ્ધ પોતાનું કામ પણ જાતે જ કરે છે. તબિયત સારી ના રહેતી હોય તો પણ બેઠા બેઠા જમવાનું બનાવે છે આવી પરિસ્થિતિથી કંટાળીને તેમણે પોતાના પુત્રને મકાન છોડી જવા માટે પણ કહ્યું હતું.

મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર દક્ષાબેને વૃદ્ધ દંપતીની સમગ્ર વાત ધીરજપૂર્વક સાંભળી. ત્યારબાદ તેમણે દંપતીના પુત્ર, પુત્રવધૂ અને પૌત્રને બોલાવીને તેમની સાથે સઘન કાઉન્સેલિંગ કર્યું. કાઉન્સેલરે તેમને કાયદાકીય જોગવાઈઓ અને વડીલો પ્રત્યેની ફરજો વિશે વિસ્તૃત માહિતી આપી. લાંબી સમજાવટ અને મધ્યસ્થી બાદ, આખરે પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર તેમની ભૂલ સ્વીકારવા તૈયાર થયા અને વૃદ્ધ માતા-પિતા સાથે એક જ ઘરમાં શાંતિથી રહેવા માટે પરત તેઓને ઘરે લાવ્યા છે. હાલ વયોવૃદ્ધ દંપતીએ જીવનના અંતિમ પડાવમાં સુખની પુનઃ અનુભૂતિ પ્રાપ્ત કરતા મહિલા સહાયતા કેન્દ્રનો આભાર માન્યો છે. રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગનું એકમ મહિલા સહાયતા કેન્દ્ર રાજકોટ ખાતે બી-ડિવિઝન, મહિલા પોલીસ સ્ટેશન તેમજ ધોરાજી પોલીસ સ્ટેશન ખાતે કાર્યરત છે. ઘરેલુ ઝગડાઓ, નિરાધાર, અસહાય મહિલાઓ, હતોત્સાહ દંપતીઓને ડીસ્ટ્રીકટ કાઉન્સેલર દ્વારા તેમની પારિવારિક મુશ્કેલીમાં સધિયારો આપી ખુશનુમા જીવનની ભેટ આપવાનું સ્તુત્ય કાર્ય કરી રહ્યું છે.

# તમાકુ નિયંત્રણ કાર્યક્રમમાં અગ્રેસર કામગીરી બદલ રાજકોટ જિલ્લાને રાજ્યકક્ષાનો એવોર્ડ એનાયત

## કેન્દ્ર સરકારના MIS-NTCP પોર્ટલ રિપોર્ટીંગમાં રાજકોટ જિલ્લો અવ્વલ રહ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકારના MIS-NTCP પોર્ટલના રિપોર્ટીંગમાં અગ્રેસર કામગીરી બદલ રાજકોટ જિલ્લાને રાજ્યકક્ષાનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. રાજ્ય તમાકુ નિયંત્રણ સેલ-ગાંધીનગર તથા ફેઈથ ફાઉન્ડેશન દ્વારા રાજકોટ જિલ્લાને આ એવોર્ડ એનાયત કરાયો છે.

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ (N.T.C.P.) હેઠળ રાજકોટ જિલ્લામાં તમાકુ નિયંત્રણના પ્રયાસો ચાલી રહ્યા છે. જેમાં ઉત્કૃષ્ટ યોગદાન, વિવિધ કાર્યક્રમોના અસરકારક શ્રેષ્ઠ અમલ તથા સમર્પિત કામગીરી માટે જિલ્લાના કાઉન્સેલર નરેશભાઈ ભૂતિયાને રાજ્યકક્ષાના અધિકારીઓની ઉપસ્થિતિમાં એવોર્ડથી બિરદાવાયા હતા.

નોંધનીય છે કે, રાજકોટ જિલ્લામાં વ્યસનમુક્તિ અંગે જાગૃતિ લાવવા દરેક તાલુકામાં જાહેર આરોગ્ય સંસ્થા ખાતે લોકોને વ્યસનમુક્તિના સંકલ્પો લેવડાવવામાં આવ્યા છે. તમાકુ નિયંત્રણ અધિનિયમ હેઠળ ૬૦ કેસો કરીને રૂપિયા ૯૨૩૦ના દંડની વસૂલાત કરવામાં આવી છે. આ સાથે જિલ્લાની તમામ ૧૦૮૭ શૈક્ષણિક



સંસ્થાઓમાં તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થાની અમલવારી કરાઈ છે. ઉપરાંત તાજેતરમાં વિશ્વ તમાકુ નિષેધ દિવસે છેવાડાના માનવી સુધી વ્યસનમુક્તિ અંગેનો સંદેશો આપવા કલેક્ટર શ્રી પ્રભવ જોશી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદની દેખરેખ હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર. આર. ફુલમાલી અને એપેડેમિક મેડિકલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ દરેક વિભાગના અધિકારીઓ, સામાજિક સંસ્થાઓ, અગ્રણીઓ અને લોકોને સાથે રાખી વ્યસનમુક્તિ અંગે વધુ સારી કામગીરી થઈ શકે તેવા પ્રયત્નો કરવામાં આવનાર હોવાનું જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# ૧૧મા "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની જિલ્લા કક્ષાની ઉજવણી લોધિકા સ્પોર્ટ્સ સંકુલ ખાતે કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૧માં "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણીના કાર્યક્રમ સંદર્ભે કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જે અન્વયે આ વર્ષે તા. ૨૧ જૂન, ૨૦૨૫ના રોજ "યોગા ફોર વન અર્થ, વન હેલ્થ"ની થીમ સાથે જિલ્લા કક્ષાની ઉજવણી લોધિકા સ્પોર્ટ્સ સંકુલ ખાતે કરવામાં આવશે.

આ તકે કલેક્ટર પ્રભવ જોશીએ કાર્યક્રમ સ્થળની બેઠક વ્યવસ્થા, પોલીસ બંદોબસ્ત, પરિવહન - પાર્કિંગ વ્યવસ્થા, મેડિકલ વ્યવસ્થા, લાઈવ પ્રસારણ અને પ્રચાર - પ્રસાર સહિતની કામગીરી અંગે સંબંધિત અધિકારીશ્રીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ વધુમાં વધુ લોકોને સ્વસ્થ અને તંદુરસ્ત જીવન શૈલી માટે યોગના મહત્વને સમજીને કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ કરી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, નિવાસી અધિક કલેક્ટર એ.કે.ગૌતમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તી, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લામાં ૧૫મી જૂન સુધી હવામાન સૂકું, ગરમ, મધ્યમ વાદળછાયું રહેવાની આગાહી

## મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સુધી રહી શકે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં તા.૧૧ થી ૧૫ જૂન દરમિયાન સૂકું, ગરમ, મધ્યમ વાદળછાયું રહેવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર, ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી-તરઘડીયાની યાદીમાં જણાવાયું છે કે, રાજકોટ જિલ્લામાં ૧૧થી ૧૫ મે, ૨૦૨૫ દરમિયાન હવામાન સૂકું, ગરમ અને મધ્યમ વાદળછાયું રહેવાની શક્યતા છે. આ દિવસોમાં મહત્તમ તાપમાન દિવસ દરમિયાન ૪૦ ડિગ્રી સે. જેટલું જ્યારે લઘુત્તમ તાપમાન રાત્રિ દરમિયાન ૨૬-૨૭ ડિગ્રી સે. જેટલું રહેવાની સંભાવના છે.

આ દિવસોમાં મહત્તમ ભેજનું પ્રમાણ ૮૦-૮૦ જ્યારે લઘુતમ ભેજનું પ્રમાણ ૫૫-૬૦ ટકા રહેશે. પવનની દિશા પશ્ચિમની રહેવાની અને પવનની ઝડપ ૧૭થી ૨૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

# લોકરક્ષકની પરીક્ષાના કેન્દ્રો આસપાસ અનઅધિકૃત વ્યકિતઓને પ્રવેશવા પર પ્રતિબંધ

## પરીક્ષાર્થીઓ પુસ્તક, મોબાઈલ ફોન, ટેબ્લેટ જેવા ઉપકરણો પરીક્ષા ખંડમાં લઈ જઈ શકશે નહીં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ ગાંધીનગર દ્વારા રાજકોટ શહેરમાં ૧૪૯ કેન્દ્રો ખાતે તા.૧૫-૦૬-૨૦૨૫ ના રોજ સવારે ૯:૩૦ કલાકથી ૧૨:૩૦ કલાક સુધીમાં લોકરક્ષક કેડર - ૨૦૨૫ની લેખિત પરીક્ષા યોજવામાં આવશે.

આ પરીક્ષા પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તે માટે પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્રોનાં કમ્પાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં સવારે ૮ કલાક થી ૧૩.૩૦ કલાક સુધી કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહી. આ ઉપરાંત શાળાઓ, કોલેજો (પરીક્ષા કેન્દ્રો) માં પ્રવેશ કરશે નહીં, વાહન લઈ જઈ શકશે નહી, લાઉડ સ્પીકર વગાડી શકશે નહીં તેમજ ચારથી વધુ વ્યક્તિઓ ભેગા થશે નહીં.

પરીક્ષાર્થીઓ પ્રશ્નપત્રને લગતું સાહિત્ય, પુસ્તક, ચાર્ટ, ગાઈડ, મોબાઈલ ફોન, ટેબ્લેટ વગેરે જેવા ડિજિટલ ઉપકરણો પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જઈ શકશે નહીં તેમજ કેન્દ્ર આસપાસના ઝેરોક્ષ મશીનો બંધ રાખવા વિગેરે બાબતોને લઈને ઈન્ચાર્જ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાએ પ્રતિબંધ મૂક્યા છે. આ આદેશનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# ચોટીલાનાં પાળીયાદ ગામે પાણીનાં ટાંકામાં પડેલ ભાણીને બચાવવા જતા નાની પણ ડૂબ્યાઃ બન્નેના મોત

**મુખ્ય સમાચાર, ચોટીલા**

ચોટીલાના પાળીયાદ ગામે પાણીના ટાંકામાં ડૂબી જવાથી ૩ વર્ષની ભાણી અને ૪૦ વર્ષના નાનીના મોત થયા છે. નાની બાજુની ચોકડીમાં કપડા ધોતા હતા ત્યારે ભાણી બાજુમાં જ રમતી હતી. રમતા રમતા તે ટાંકા તરફ ગઈ અને ખુલ્લા ટાંકામાં પડી હતી. જે જોઈ જતા તુરંત તેના નાની દોડયા અને તેને બચાવવા પાણીના ટાંકામાં પડ્યા હતા. જેમાં ઊંડા ટાંકામાં ડૂબી જવાથી બંનેના મોત થયા હતા.

ચોટીલાના પાળીયાદ ગામે હરજીભાઈ ઉઘરેજીયા રહે છે. તેમની દીકરી ભાવનાબેનના પાંજવાડી ગામે લગ્ન થયેલ છે. જેઓને સંતાનમાં ૩ વર્ષની પુત્રી અને ૧ વર્ષનો દીકરો છે. ભાવનાબેન અને પરિવારના અન્ય લોકો બાજુમાં જ આવેલા



રહેણાંકવાળા મકાને હતા. નાની બાજુની ચોકડીમાં કપડા ધોતા હતા ત્યારે ભાણી ગોપી બાજુમાં જ રમતી હતી. રમતા રમતા તે ટાંકા તરફ ગઈ અને ખુલ્લા ટાંકામાં પડી હતી. જે જોઈ જતા તુરંત તેના નાની દોડ્યા અને તેને બચાવવા પાણીના ટાંકામાં પડયા હતા. જેમાં ઊંડા ટાંકામાં ડૂબી જવાથી બંનેના મોત થયા હતા.

બપોરનો સમય હોય જમીને બધાય આરામ કરતા હતા ત્યારે નાની ભાનુબેન અને ગોપી બાજુના મકાને કપડા ધોવા ગયા હતા. હરજીભાઈ સૂઈને જાગ્યા ત્યારે દીકરાને કહ્યું કે તારા મમ્મીને બોલાવ અને ચા મૂકે મારે હોટલ જવાનું છે. પરંતુ બંને ઘરમાં તપાસ કરવા છ્તા ભાનુબેન અને ગોપીનો પત્તો મળ્યો ન હતો. ત્યારે કાયમ બંધ રહેતું પાણીના ટાંકાનું ઢાકણું ખુલ્લો જોતા તેમાં તપાસ કરી તો ભાણી અને નાનીના મૃતદેહ મળી આવ્યા હતા.ઘરમાં પાણીના સંગ્રહ માટે ૧૦ ફૂટ ઊંડો ટાંકો બનાવવામાં આવ્યો હતો. જેની ૧૦ હજાર લીટર પાણીની ક્ષમતા હતી. તેમાં અંદાજે ૯ હજાર લીટર જેટલું પાણી ભરેલું હતું. બોર હોય આ ટાંકો કાયમને માટે ભરેલો જ રાખતા હતા.

નાનકડી ભાણેજ અને નાની ના મોત નિપજતા પરિવારમાં કરૂણ આક્રંદ સાથે આઘાત છવાઇ ગયો છે.

## જૂના કપડાં આપો, નવી થેલી લઈ જાઓ

# 'માય થેલી' અભિયાનમાં જોડાતી ગોંડલ નગરપાલિકા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ નગરપાલિકા દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી નિમિત્તે 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ પ્લાસ્ટિક પ્રદુષણનો અંત લાવવાના પ્રયાસરૂપે તમામ ઘરો પ્લાસ્ટિકની થેલીથી મુક્ત થાય, તે હેતુસર ગત તા. ૩ જૂનથી આગામી તા. ૩૧ ઓકટોબર સુધી 'માય થેલી' અભિયાનનું આયોજન કરાયું છે. જેમાં દર ગુરૂવાર અને શુક્રવારે નિયત સ્થળોએ સખી મંડળના બહેનો નાગરિકોએ આપેલા જૂના કપડાંમાંથી કાપડની આકર્ષક થેલી સ્થળ પર જ સિલાઈ કરી નિશુલ્ક બનાવી આપે છે.

ગોંડલ નગરપાલિકાની ધ નેશનલ અર્બન લાઇવલીહુડ મિશન અને સ્વચ્છ ભારત મિશનની શાખાઓના સંયુક્ત ઉપક્રમે 'તમારા જૂના કપડાં લઈને આવો અને નવી થેલી લઈને જાઓ' સૂત્ર સાથે 'માય થેલી' અભિયાનની કામગીરી કરાઈ રહી છે. ગોંડલ શહેરમાં મહાકાળી મંદિરની સામે ભગવતીપરા શેરી નં. ૩૧/૧૬માં રહેતા ક્રિષ્નાબેન જગદીશભાઈ પારધીના ઘરે દર ગુરૂવાર અને શુક્રવારે સવારે ૧૦ કલાકથી બપોરે ૨ કલાક સુધી અને બપોરે ૩ કલાકથી સાંજે ૬ કલાક સુધી જૂના કપડાં આપીને નવી થેલી મેળવી શકાશે. જેનો શહેરીજનોએ લાભ લેવા ગોંડલ નગરપાલિકાએ અનુરોધ કર્યો છે.

# બે વર્ષ પૂર્વે હત્યાના કેસમાં પંચને જુબાની ન આપવા અપાઈ ધમકી

## પરસાણાનગરના ઈસ્માઈલ ઉર્ફે ભૂદર સામે નોંધાયો ગુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં કોઠારીયા મેઈન રોડ ન્યુ સાગર સોસાયટી પાસે ઓફીસમા યુવાનને બોલાવી ૪ ફડાકા ઝીકી મર્ડરનાં ગુનામા કોર્ટમા જુબાની આપવા નહી જવાનુ કહી ધમકી આપતા ભકિતનગર પોલીસે આરોપી સામે ફરીયાદ નોંધવામા આવી છે આ ઘટનામા આરોપીને શકંજામા લઈ કાયદાનુ ભાન કરાવવા તજવીજ શરૂ કરવામા આવી છે. વધુ વિગતો મુજબ જંગલેશ્વરનાં આરએમસી કવાર્ટરમા રહેતા ખાલીફમીયા સુલ્તાનમીયા બુખારીએ પોતાની ફરીયાદમા ઈસ્માઈલ ઉર્ફે ભુદર હસનભાઈ ખીયાણીનુ નામ આપતા તેમની સામે ધમકી અને માર મારવા અંગેની કલમ હેઠળ ગુનો નોંધવામા આવ્યો છે. આ ફરીયાદમા ખાલીફમીયાએ આક્ષેપો સાથે જણાવ્યુ હતુ કે તેઓ રીક્ષા ડ્રાઈવીંગ કરે છે. અને પોતે સામાજીક કાર્યકર છે. તેઓ સેસન્સ કોર્ટમાં ચાલતા મર્ડરનાં ગુનામા પંચમા સાહેદ તરીકે છે. તા. ૯-૫ નાં રોજ કોર્ટમા મુદત હતી જેમા કોર્ટમા જુબાની આપેલી હતી. અને આ કેસમા હથીયાર કબજે કરવામા આવેલુ હોય જે મામલે ખાલીફમીયા પંચ તરીકે છે. આ જુબાની આપ્યા બાદ તા. ૨૬-૫ ના રોજ નવી મુદત તેઓને મળી હતી. જુબાની આપી ઘરે જતો હતો ત્યારે રાત્રીનાં સમયે ઈસ્માઇલ ભુદરનો કોલ આવ્યો હતો. અને કોલ ઉપાડતા આરોપીએ ભવાની ચોકમા આવવાનુ કહયુ હતુ. જયા હનીફ જેસાણી અને ઈસ્માઇલ હાજર હતા. ઈસ્માઈલે કહયુ કે તે કોર્ટમા ભલે જુબાની આપી હોય હવે પછી કોર્ટમા મુદતનાં સમયે જતો નહી. આમ છતા ખાલીફમીયાએ કહયુ કે મારે મુદતમા રહેવુ જ પડશે. જેથી ઈસ્માઇલ ઉશ્કેરાઈ ગયો અને ૨૪ કલાકમા મારી નાખવાની ધમકી આપી અને ખોટા કેસમા ફીટ કરાવી દેવાનુ કહી ત્યાથી જતો રહયો હતો.

ત્યારબાદ તા. ૨૬-૫ નાં રોજ કોર્ટમા મુદત હોય તે અગાઉ ૨૫ તારીખનાં રોજ રાત્રીનાં સમયે ઘરે સુતો હતો ત્યારે અલી ગોગદાનો કોલ આવ્યો હતો. અને તેઓએ અઝહરભાઈની ઓફીસે આવવાનુ કહી તમારે પૈસાની જરૂર છે. અમને ૧૫ લાખ રૂપીયા આપો તેમ કહયુ હતુ. અને ફોન રાખી દીધો હતો. ત્યારબાદ ખલીફમીયા અઝહરભાઈની ઓફીસે પહોંચ્યા ત્યા ઈસ્માઇલ ખીયાણી, સરફરાઝભાઈ અને અલી ગોગદા હાજર હતા. જેમા ઈસ્માઇલે કહ્યુ કે હનીફ યુસુફ જુણેજાનાં મર્ડર કેસમા તુ પંચમા છો. તુ કાલે કોર્ટમા જુબાની આપવા જઈશ તો મજા નહીં આવે. તેવુ કહી માથાકુટ કરી ચાર ફડાકા ઝીકી દીધા હતા. આ મામલે આરીફમીયાએ ૧૦૦ નંબર પર કોલ કરી પોલીસને બોલાવી હતી. અને પોલીસ મથકે પહોંચી ઈસ્માઇલ વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી.

# મકાઈના પાકમાં રોગ-જીવાતનો ઉપદ્રવ ઘટાડવા વાવણી ૧૫થી ૩૦ જૂન સુધીમાં કરવી હિતાવહ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખરીફ મકાઈ પાકના વાવેતર પહેલાં અને વાવેતર સમયે ખેડૂતોએ રાખવાની થતી કાળજીની માહિતી કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા જારી કરવામાં આવી છે.

જે મુજબ, જમીનમાં ઊંડી ખેડ દિવસ દરમિયાન કરવી. જેથી જમીનમાં રહેલા કોશેટા બહાર આવતા પક્ષીઓ દ્વારા કુદરતી નિયંત્રણ મળશે. તંદુરસ્ત તથા રોગમુક્ત બિયારણ વાપરવું અને રોગપ્રતિકારક જાતો પસંદ કરવી. એક જ જમીન પર મકાઈ વારંવાર ના વાવતા પાકની ફેરબદલી કરવી. જમીનનું તાપમાન નીચું રહે તે માટે ટૂંકાગાળે પિયત આપવાથી રોગમાં ઘટાડો થાય છે. મકાઈમાં ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે મગ, અડદ, તુવેર અથવા ચોળા આંતર પાક તરીકે વાવવા. રોગ-જીવાતનો ઉપદ્રવ ઓછો રહે તે માટે મકાઈની વાવણી તા. ૧૫થી ૩૦ જૂન સુધીમાં કરવી હિતાવહ છે. વાવેતર પહેલાં લીંબોળીનો ખોળ એક ટન પ્રતિ હેક્ટર નાંખવો ફાયદાકારક રહેશે.

# રેઢીયાર પશુનો ત્રાસ નવાગામમાં બે ખુટીયાએ આધેડને ખુંદી નાખતા મોત

## કુવાડવા હાઈવે પર બેઠેલા આધેડ ઝપટે ચડી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે નવા ગામમાં ગાયે ઢીંક ચડાવતાં વૃધ્ધનું મોત નિપજ્યું હતું. ત્યારે વધુ એક બનાવ સામે આવ્યો છે. કુવાડવા હાઈવે પર બે આખલાની લડાઈમાં નિર્દોષ આધેડ ખુંદાઈ જતાં તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. નવાગામમાં રહેતા આધેડ ઓડીના શો રૂમ પાસે ઝાડ નીચે બેઠા હતાં ત્યારે બે ખુટીયા આખડતા હોય અને આધેડને ઝપટે લઈ લેતાં તેનું ગંભીર ઈજા થતાં મોત નિપજ્યું હતું. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે. જાણવા મળતી વિગત મુજબ, નવા ગામમાં મામાવાડી વિસ્તારમાં રહેતાં ઈસ્માઈલભાઈ ઈદ્રીશભાઈ શેખ (ઉ.૪૮) નામના આધેડ આજે સવારે ૧૦ વાગ્યાના અરસામાં કુવાડવા રોડ પર ઓડીના શો રૂમ નજીક જલારામ પાઈપ પાસે ઝાડ નીચે બેઠા હતાં ત્યારે બે ખુટીયા લડાઈ કરતાં હોય લડતાં લડતાં ઝાડ નીચે બેઠેલા ઈસ્માઈલભાઈને અડફેટે લેતાં બન્ને ખુટીયાની લડાઈમાં નિર્દોષ ઈસ્માઈલભાઈ ખુંદાઈ જતાં શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ તેમનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી મૃત જાહેર કરતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ઈસ્માઈલભાઈ ત્રણ ભાઈ બે બહેનમાં વચેટ અને જલારામ પાઈપ પાસે છુટક મજુરી કરતાં હોવાનું જાણવા મળ્યું છે. તેમને સંતાનમાં ત્રણ પુત્ર અને બે પુત્રી છે. આ બનાવથી પાંચ સંતાનોએ પિતાન છત્રછાયા ગુમાવી દેતાં પરિવારમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે.



# રાજકોટ મનપાનું વોર્ડ નં.૩નું આધાર કેન્દ્ર રાબેતા મુજબ પુનઃ કાર્યરત

યુ.આઈ.ડી. આધાર કેન્દ્રની કામગીરીનું વિકેન્દ્રિકરણ કરી તા.૦૧/૦૪/૨૦૨૫થી રાજકોટ મહાનગરપાલિકાના કુલ ૧ થી ૧૮ ની વોર્ડ ઓફિસો ખાતે આધાર કેન્દ્રો કાર્યરત કરવામાં આવેલ છે, આ આધાર કેન્દ્રો પૈકી યુ.આઈ.ડી વિભાગ દ્વારા વોર્ડ નંબર-૩ તેમજ-૧૬ના ઓપરેટરને ફરજ મોકૂફ કરવાના કારણે (૧) વોર્ડ નંબર-૩ અને (૨) વોર્ડ નંબર-૧૬ની કામગીરી તેમજ વોર્ડ નંબર-૧૨ ખાતેની આધાર કીટમાં યાંત્રિક ક્ષતી સર્જાતા હાલ વોર્ડ નંબર-(૧૨)ખાતેની આધારની કામગીરી કામચલાઉ ધોરણે મોકૂફ રાખવામાં આવેલ હતી. જાહેર હિતાર્થે અને વહીવટી સરળતા ખાતર વોર્ડ નંબર-૧૨ ખાતેના આધાર ઓપરેટરની બદલી વોર્ડ નંબર-૩ ખાતે કરી વોર્ડ નંબર-૩નું આધાર કેન્દ્ર પુનઃ કાર્યરત કરવામાં આવેલ છે. સબબ વોર્ડ નંબર-૩ના નાગરિકો તેમજ અન્ય શહેરીજનોને આધારની કામગીરી માટે વોર્ડ નંબર-૩ની વોર્ડ ઓફિસ, આસ્થા ચોક, સાધુ વાસવાણી કુંજ રોડ,પાસેની મુલાકાત લેવા આથી અનુરોધ કરવામાં આવે છે.

# ટંકારાના નાના ખીજડીયા ગામે હાર્ટ એટેકથી યુવતીનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના નાના ખીજડીયા ગામે રહેતી ૩૦ વર્ષીય અનિશાબેન ઉઠમણાનું મોરબી સારવાર દરમિયાન હાર્ટએટેક આવતા મૃત્યુ થયું છે.ટંકારા તાલુકાના નાના ખીજડીયા ગામે રહેતા અનિશાબેન રહિમભાઈ યાકુબભાઈ ઉઠમણા ઉવ. ૩૦ વાળા ગત તા. ૦૯/૦૬ના રોજ પોતાના ઘરે હોઈ તે દરમિયાન શરીરમાં



દુખાવો થતો હોય જેથી પરિવારજનો દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેમને સારવાર માટે મોરબીની આયુષ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ ખાતે ચાલુ સારવાર દરમિયાન અનિશાબેનને હાર્ટએટેક આવી જતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ઘટનાને લઈ પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટ-અમદાવાદ હાઇ-વે પર આઇસર ટેન્કરમાં ચોરખાનું બનાવી છુપાવેલો ૮૫૪૪ બોટલ દારૂ પકડાયો

## ક્રાઇમ બ્રાંચની ટીમે બાતમીના આધારે કુવાડવા ચોકડી પાસે વોચ ગોઠવી હતીઃ રાજસ્થાની શખ્સને દબોચી લઇ આઇસર સહિત રૂ.૮૭.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા કુવાડવા ગામની આસપાસના વિસ્તારો બુટલેગરો માટે સ્વર્ગ સમાન અને દારૂનું પીઠુ હોય તેમ છાશવારે કુવાડવા નજીકના વિસ્તારોમાં દારૂનો જથ્થો ભુતકાળમાં પકડાયો છે ત્યારે વધુ એક વાર ક્રાઇમ બ્રાંચની ટીમે કુવાડવા ચોકડી પાસે રાજકોટ-અમદાવાદ હાઇ-વે પર આઇસર ટેન્કરમાં ચોર ખાનું બનાવીને લાવવામાં આવતો ૮૫૪૪ બોટલ દારૂનો જથ્થો પકડી લઇ રાજસ્થાની શખ્સની ધરપકડ કરી કુલ રૂ.૮૭.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિત મુજબ રાજકોટ શહેરમાં બુટલેગરોએ માથું ઉંચકી દારૂનો વેપલો પુરજોશમાં શરૂ કર્યો હોય જેના પગલે ક્રાઇમ બ્રાંચના પીઆઇ એમ.આર.ગોંડલીયા તથા એમ.એલ.ડામોર તથા સી.એચ.જાદવની સુચનાથી પીએસઆઇ વી.ડી.ડોડીયા, એએસઆઇ અમીતભાઇ, દિગ્પાલસિંહ, હેડ કોન્સ. સંજયભાઇ, દિપકભાઇ, દિલીપભાઇ, જયરાજભાઇ, રણજીતસિંહ સહિતનો સ્ટાફ રાત્રી પેટ્રોલીંગમાં રાજકોટ-અમદાવાદ હાઇ-વે પર હતા ત્યારે કોન્સ. રણજીતસિંહ, જયરાજસિંહ, દિલીપભાઇ, દિપકભાઇને સયુકત બાતમી મળી હતી કે, રાજસ્થાનથી દારૂનો જથ્થો ભરેલું આઇસર ટેન્કર આવી રહ્યું હોય જેથી ક્રાઇમ બ્રાંચની ટીમે કુવાડવા ચોકડી નજીક વોંચ ગોઠવી હતી તે દરમ્યાન આઇસર ટેન્કર નંબર જીજે૨૦વી૪૯૭૯ નંબરનું શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા આઇસર ટેન્કરમાં ચોર ખાનું બનાવી ૪૬૩ પેટી બોટલ નંગ ૮૫૪૪નો કિંમત રૂ.૭૨.૯૧ લાખનો દારૂનો જથ્થો મળી આવતા પોલીસે આઇસર ટેન્કરના ચાલક પારસકુમાર ઉર્ફે વિકાસ અમેદારામ પાટલીયા (રહે. શ્રીરામવાલા ગામ, તા.ચોહટન જી.બાડમેર-રાજેસ્થાન) નામના ચાલકની ધરપકડ કરી આઇસર સહિત કુલ રૂ.૮૭.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉપલેટાના ખીરસરા (ઘેટીયા) ગામે ૨.૫૦ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**


જીલ્લામાં આગામી દિવસોમાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાવાની હોય જેના અનુસંધાને વિદેશી દારૂનું વેંચાણ અટકાવવા પોલીસે સતત પેટ્રોલિંગ શરૂ કર્યું હોય જેના પગલે ભાયાવદર પોલીસે ઉપલેટાના ખીરસરા (ઘેટીયા) ગામે રહેણાંક મકાનમાં સંતાડેલો ૨.૫૦ લાખનો દારૂનો જથ્થો ઝડપી લઇ બુટલેગરની શોધખોળ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ ભાયાવદર પોલીસ મથકના પીઆઇ વી.સી.પરમારની સુચનાથી એએસઆઇ રોહિતભાઇ, વિરમભાઇ, કોન્સ. મહેશભાઇ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન હકિકત મળી હતી કે ઉપલેટાના ખીરસરા (ઘેટીયા) ગામે રહેતો કૈલાશ ઉર્ફે કૈલો કારા ભારાઇ નામના શખ્સે પોતાના ભોગવટાની ધણફુલીયા નામની વાડીમાં આવેલ ઓરડીમાં મગફળીના પાલામાં દારૂનો જથ્થો સંતાડયા હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા અલગ-અલગ બ્રાન્ડની કુલ રૂ.૨.૫૦ લાખની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો મળી આવતા પોલીસે કૈલાશ ઉર્ફે કૈલો ભારાઇ વિરૂધ્ધ ગુનો નોંધી શોધખોળ આદરી દારૂનો જથ્થો કબ્જે કર્યો છે.



# વાંકાનેરમાં લુંટ તથા મારામારીના ગુન્હામાં સજા પામેલ દરબાર શખ્સોનો જામીન ઉપર છુટકારો

## વાંકાનેર અદાલત ધ્વારા એક આરોપીને લુંટ તથા મારામારી તેમજ અન્ય બે આરોપીઓને મારામારીના ગુન્હામાં ૭ વર્ષ કેદની સજા આપવામાં આવેલી હતી





**મુખ્ય સમાચાર, મોરબી**

તા.૨૯/૧૨/૨૦૧૯ ના રોજ પ્રમોદકુમાર ઉદયભાઈ રાઠોડ ધ્વારા વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ કે તેઓ તા.૨૮/૧૨/૨૦૧૦ ના રોજ બપોરે ૨-૦૦ વાગ્યે તેઓની ખેતીની જમીન ખેડતા સુરૂભાના દીકરા ભગીરથસિંહનો ફોન આવેલ અને તેઓને જણાવેલ કે તેઓની ખેતીની જમીન સ.નં. ૧૫૫ માં અમુક માણસો જે.સી.બી. મશીન લઈને આવેલ છે અને તેમાં જે.સી.બી. મશીન ચલાવે છે જેથી ફરીયાદી તથા તેની પત્ની બંને ગાડી લઈ સદરહું જગ્યાએ ગયેલ અને ત્યાં જોયુ તો વઘાસીયા ગામના ઘનશ્યામસિંહ લખુભા ઝાલા જે.સી.બી. મશીન સાથે લાવેલ અને ખેતરમાં જે.સી.બી. મશીન ચલાવતા હોય જેથી ફરીયાદી અને તેની પત્ની ત્યાં ગયેલ અને તેઓને જે.સી.બી. મશીન બાબતે પુછતા ઘનશ્યામસિંહ ઉશ્કેરાઈ ગયેલ અને ફરીયાદી અને તેઓની પત્નીને જણાવેલ કે આ ખેતીની જમીન તેઓની માલીકીની છે. જેથી ફરીયાદીએ જણાવેલ કે આ ખેતીની જમીન અમોની માલીકીની છે અને આ જમીનમાં કબ્જો કરવાની કોશીશ ન કરો જેથી ઘનશ્યામસિંહ ઉશ્કેરાઈ ગયેલ અને અમોને કહેલ કે ૧૦ મીનીટ રાહ જોવો તેઓએ કોઈને ફોન કરીને બોલાવેલ અને જેથી તે દરમ્યાન અન્ય આરોપીઓ કિશોરસિંહ વનરાજસિંહ ઝાલા, વનરાજસિંહ માલુભા ઝાલા તથા અન્ય એક અજાણ્યો વ્યકિત ત્યાં આવેલ અને તેઓએ તલવાર તથા લાકડીઓથી ફરીયાદી તથા તેના પત્નીને માર મારેલ ત્યારબાદ તેઓ કોઈને ફોન કરવા જતા ફરીયાદીના ફોન તથા સીમકાર્ડની લુંટ ચલાવેલ હતી અને ત્યારબાદ કોઈ ધ્વારા પોલીસને ફોન કરતા પોલીસના માણસો ત્યાં આવી જતા વાંકાનેર સરકારી હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જે અનુસંધાને વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ધ્વારા આઈ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૩૯૪, ૧૧૪ તથા બી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો નોંધેલ જેમાં વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ધ્વારા ઘનશ્યામસિંહ લખુભા ઝાલા, કિશોરસિંહ વનરાજસિંહ ઝાલા, વનરાજસિંહ માલુભા ઝાલા, અતુલભાઈ જેઠાલાલ ભટ્ટ વિગેરેની ધરપકડ કરેલી હતી.

ત્યારબાદ સદરહું ગુન્હામાં ચાર્જશીટ થતા કેસ ચાલી જતા નામદાર સેશન્સ અદાલત ધ્વારા ,ઘનશ્યામસિંહ લખુભા ઝાલાને આઈ.પી.સી. કલમ ૩૨૩ માં ૧-વર્ષ ૩૨૫ માં ૭-વર્ષ, ૩૯૪ માં ૫-વર્ષ ,કિશોરસિંહ વનરાજસિંહ ઝાલા ,વનરાજસિંહ માલુભા ઝાલાને આઈ.પી.સી. કલમ ૩૨૩ માં ૧-વર્ષ, ૩૨૫ માં ૭-વર્ષ તથા દંડ કરવામાં આવેલ હતો તેમજ અતુલભાઈ જેઠાલાલ ભટ્ટને સદરહું ગુન્હા અનુસંધાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ હતો.ત્યારબાદ ઉપરોકત આરોપીઓ પૈકી કિશોરસિંહ વનરાજસિંહ ઝાલા, વનરાજસિંહ માલુભા ઝાલા ધ્વારા સદરહું ગુન્હા અનુસંધાને સજાનો હુકમ સ્ટે કરવા તથા અપીલ પીરીયડના જામીન આપવા વાંકાનેર અદાલતમાં અરજી આપેલ જે અરજી મંજુર કરી વાંકાનેર અદાલત ધ્વારા ઉપરોકત બંને આરોપીને ૩૦ દીવસના અપીલ પીરીયડના જામીન આપેલ તેમજ આરોપી નં. ૧ ઘનશ્યામસિંહ લખુભા ઝાલાને સદરહું ગુન્હા અનુસંધાને સજાનો હુકમની અમલવારી અન્વયે જેલમાં મોકલવામાં આવેલ હતા.

ઉપરોકત સજાના હુકમ સામે આરોપીઓ ઘનશ્યામસિંહ લખુભા ઝાલા,કિશોરસિંહ વનરાજસિંહ ઝાલા ,વનરાજસિંહ માલુભા ઝાલા ધ્વારા મોરબી સેશન્સ અદાલતમાં અપીલ દાખલ કરવામાં આવેલ અને જે અપીલ અનુસંધાને તેઓ ધ્વારા જામીન પર છુટવા માટે રેગ્યુલર જામીન અરજી કરવામાં આવેલ હતી જે જામીન અરજીમાં એવી રજુઆત કરવામાં આવેલ કે હાલના અરજદાર આરોપીએ કોઈ હથીયાર વડે માર મારેલ હોય તેવું ચાર્જશીટ કે પુરાવો જોતા જણાય આવતું નથી કે તેવો કોઈ પુરાવો પણ મળી આવેલ નથી તેમજ ફરીયાદી ધ્વારા જે મોબાઈલ તથા સીમકાર્ડ લુંટના આક્ષેપો કરવામાં આવેલ છે તે મોબાઈલ તથા સીમકાર્ડ બનાવ સ્થળેથી જ મળી આવેલ છે જેથી લુંટના કોઈ તત્વો ફલીત થતા નથી તેમજ ફરીયાદીને એવી ગંભીર ઈજાઓ થયેલ નથી તેમજ આરોપીઓએ કોઈ હથીયાર વડે માર મારેલ હોય તેવું કયાંય જણાય આવતું નથી. તેમજ જયારે કોઈ ગુન્હામાં નામદાર અદાલત ધ્વારા ફીકસ પીરીયડની સજા કરવામાં આવે ત્યારે આરોપીઓને જામીન મુકત કરવા જોઈએ. તેમજ વાંકાનેર અદાલતમાં રજુ થયેલ પુરાવાઓ અને જુબાનીઓમાં વિસંગતતા જણાય આવતી હોય જેથી તે પણ માનવાને લાયક ન હોય.

તેમજ આ કેસમાં આરોપી વિરુધ્ધ કોઈ પ્રથમ દર્શનીય પુરાવો રજુ કરી શકેલ નથી, આરોપીઓની સામે માર મારવાનો કે લુંટ કરવાનો કોઈ હેતુ સાબીત થતો નથી મહત્વના સાહેદોને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. અને કાયદાકીય મુદાઓની દલીલો કરવામાં આવેલ હતી અને ઉચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલ હતા. ઉપરોકત બચાવપક્ષની દલીલો, અને કાયદાકીય આધારો અને વાંકાનેર અદાલતમાં રજુ થયેલ પુરાવાઓ અને જુબાનીઓ ધ્યાને લઈ નામદાર મોરબી સેશન્સ અદાલત ધ્વારા આરોપી ઘનશ્યામસિંહ લખુભા ઝાલા, કિશોરસિંહ વનરાજસિંહ ઝાલા, વનરાજસિંહ માલુભા ઝાલાને અપીલ ચાલતા દરમ્યાન જામીન ઉપર મુકત કરેલ છે.

આ કામમાં મોરબીના પ્રખર ધારાશાસ્ત્રી જીતુભા જાડેજા તથા રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, મીલન જોષી, જયવિર બારૈયા, ખોડુભા સાકરીયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર રોકાયેલ હતા.

# બોટાદના રાણપુરગામે ઘોડીપાસાની કલબ પર દરોડોઃ રાજકોટના બે સહિત ૧૦ શખ્સો ઝડપાયા

### એસએમસીએ છાપો માર્યો ભાવનગરથી પણ રમવા આવતાઃ ૭.૫૦ લાખનો મુદ્દામાલ કબજે, ચાર નાસી છૂટ્યા



**મુખ્ય સમાચાર, બોટાદ**

બોટાદના રાણપુર તાલુકાના ખસ ગામે રણજીતસિંહ પથાભાઈ ચાવડાના ફાર્મ હાઉસ પર ધમધમતી ઘોડીપાસાની કલબ પર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે છાપો મારી રાજકોટના બે, ભાવનગરના ત્રણ સહિત ૧૦ શખસોને ૭.૫૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા. જ્યારે ચાર શખસો નાસી છૂટયા હતા.

ફાર્મ પર ખુલ્લામાં ઘોડીપાસાનો જુગાર ચાલતો હોવાની માહિતી આધારે એસપી નિર્લિપ્ત રાયની સૂચનાના આધારે પીએસઆઈ કે. એચ. જનકાંત સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો. સ્થળ પરથી જુગારનો મુખ્ય સુત્રધાર બોટાદના સહકારનગરમાં રહેતા વિજયસિંહ રતનસિંહ મકવાણા સહિત ૧૦ને દબોચી લેવાયા હતા.

જુગાર રમવા આવેલા રાજકોટના નવા થોરાળા વિસ્તારમાં રહેતા રજાક નુરમહંમદ ચુડાસમા, હામા જગમલભાઈ પરમાર તેમજ ભાવનગરના અવેશ સતાર સુવાન, ઈકબાલ ઉસ્માન મલકાણી, હિતેન્દ્ર રમેશભાઈ કારિયા, અન્યો રાણપુર પણ વીના વિરમ વિઠ્ઠલભાઈ બોડીયા, ખસના પૃથ્વીરાજ ભરતસિંહ મકવાણા, સિધ્ધરાજ ભરતસિંહ લીજબોલાને ઝડપી પાડયા હતા.

૪૯,૨૦૦ની રોકડ, ૧, ૨૦,૫૦૦ના ૧૧ મોબાઈલ ફોન તેમજ ૫.૮૦ લાખના પાંચ વાહન મળી ૭,૪૯,૭૦૦નો મુદ્દામાલ કબજે લેવાયો હતો. જ્યારે રાજકોટના આજી ડેમ ચોકડી પાસે રહેતા હરેશ મુંધવા, અન્યો મનોજ, નરેશ મળી ચાર શખસો હાથ ન લાગતા તેમના વિરૂધ્ધ પણ રાણપુર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

# સાયલાના ઈશ્વરીયા ગામે જુના મનદુઃખનો ખાર રાખી યુવાનની ક્રુર હત્યા

## સાયલાના આયા ગામે નવા બની રહેલા પેટ્રોલ પંપની સાઇટ પરથી યુવાન કાકાના દિકરા સાથે ઇશ્વરીયા જતાં હતો ત્યારે રસ્તામાં તેની કારને ડમ્પરથી આંતરી, શખ્સો પાઇપથી તૂટી પડયાઃ કાકાનો દિકરો જીવ બચાવવા ખેતરમાં છુપાઇ ગયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાયલાના ઇશ્વરીયા ગામના ખેડૂત યુવાનને જુના મનદુઃખને કારણે ઇશ્વરીયા ગામના જ છ શખ્સોએ કાવત્રુ ઘડી ક્રુર હત્યા કરી છે. આ યુવાન નવા પેટ્રોલ પંપની સાઇટ પર કામ ચાલુ હોઇ ત્યાંથી સાંજે પોતાના કાકાના દિકરા સાથે કારમાં ઇશ્વરીયા પોતાના ઘરે જતો હતો ત્યારે રસ્તામાં તેની ક્રેટા કારને ગામના જ છ શખ્સોએ ડમ્પરથી આંતરી, બોલેરોની ઠોકરે લીધા બાદ આ યુવાનને કારમાંથી બહાર ખેંચી લોખંડના ચક્કર, છરી, કુંડલીવાળી લાકડીઓ, પાઇપથી તૂટી પડી મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ વખતે કાકાનો દિકરો ભાઇ જીવ બચાવી નજીકના ખેતરમાં ઝાડીઓમાં છુપાઇ ગયો હતો. પોલીસે તેની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે.

હત્યાની આ ઘટનામાં સાયલા પોલીસે હત્યાનો ભોગ બનનાર રણછોડભાઇ ઉર્ફ રસિકભાઇ અમરાભાઇ ધાંધળ (ઉ.વ.૪૨)ના કાકાના દિકરા સાયલાના ઇશ્વરીયા ગામે રહેતાં અરજણભાઇ માલાભાઇ ધાંધળ (ઉ.વ.૩૫)ની ફરિયાદ પરથી ઇશ્વરીયા ગામના વિજય કલાભાઇ રૂદાતલા, તેના કાકા કાળુ બચુભાઇ રૂદાતલા, જાદવ ખોડાભાઇ ઉગરેજીયા, ગોવિંદ કલાભાઇ રૂદાતલા, ગોપાલ ગેલાભાઇ રૂદાતલા, કેશુ સામતભાઇ રૂદાતલા મળી છ જણા સામે ગેકાયદે મંડળી રચી, કાવત્રુ ઘડી કારને આંતરી લોખંડની ચકરી અને કુંડલીવાળી લાકડીઓના ઘા મારી હત્યા નિપજાવવાનો અને અરજણભાઇને મારી નાખવાની ધમકી આપ્યાનો ગુનો નોંધ્યો છે.

અરજણભાઇ ધાંધળ ખેતી કરી ગુજરાન ચલાવે છે તેણે જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને મારે સંતાનમાં દિકરી-દિકરો છે. મારા પિતા છ ભાઇઓ છે. તેમાં અમરાભાઇ સૌથી મોટા છે. તેમના દિકરાનું નામ રણછોડભાઇ ઉર્ફ રસિકભાઇ અમરાભાઇ ધાંધળ (ઉ.વ.૪૨) છે. રણછોડભાઇ ત્રણ ભાઇમાં મોટા હતાં. તેને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે, તે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. અમારા કુટુંબ અને હત્યા કરનારા પૈકીના વિજયના પિતા કલાભાઇને ૨૦૨૩માં બોલાચાલી ઝઘડો થયો હોઇ તેનું મનદુઃખ ત્યારથી ચાલતું હતું.

હાલમાં મારા મોટાબાપુના દિકરા રણછોડભાઇ ઉર્ફ રસિકભાઇ ધાંધળ નજીકના આયા ગામ પાસે પેટ્રોલ પંપ બનાવી રહ્યા હોઇ ત્યાં કામ ચાલુ હોવાથી હું અને રણછોડભાઇ બુધવારે ૧૧મીએ સવારે અમારી ક્રેટા કાર લઇને પંપના કામની સાઇટ પર ગયા હતાં. સાંજે સાડા સાતેક વાગ્યે હું અને રણછોડભાઇ પરત અમારા ગામ તરફ જતાં હતાં ત્યારે આયાથી ઇશ્વરીયા તરફ જતાં રસ્તે મરડીયા બંધ કારખાના રોડ પર પહોંચતા અમારી કાર સામે ડમ્પર જીજે૨૪એક્સ-૬૬૦૯ આવી ગયું હતું અને અમારી કાર સાથે અથડાવવાનો પ્રયાસ કર્યો હતો. પણ અમારી કાર ડમ્પર સાથે અથડાઇ નહોતી.

આ દરમિયાન સામેથી સફેદ કલરની બોલેરો જીજે૧૩એબી-૧૭૧૧ પુરઝડપે આવી હતી અને અમારી કાર સાથે અથડાવી દેતાં અમારી કાર ઉભી રહી ગઇ હતી. એ પછી બોલેરોમાંથી વિજય રૂદાતલા દાંતાવાળુ બેલા કાપવાનું લોખંડનું ચક્કર લઇને ધસી આવ્યો હતો. તેની સાથે જાદવ ધારાડુંગળીવાળો ધારીયુ લઇને, વિજયના કાકા કાળુ છરી લઇને, ગોવિંદ પાઇપ સાથે અને ગોપાલ કુંડલીવાળી લાકડી તથા કેશુ પણ લાકડી સાથે ધસી આવ્યા હતાં. આ બધાએ મારા ભાઇ રણછોડભાઇ ઉર્ફ રસિકભાઇને કારમાંથી ખેંચી ઢસડી માર મારવાનું ચાલુ કરતાં હું ડરીને ખેતરમાં બાવળની ઝાડીમાં સંતાઇ ગયો હતો. મારા ભાઇને આ લોકો મારતી વખતે રાડો પાડીને આજે તો પતાવી જ દેવો છે તેવુ કહેતાં હતાં. ત્યારબાદ મારાભાઇ બેભાન થઇ લોહીલુહાણ થઇ પડી જતાં આ લોકો બોલેરો, ડમ્પર લઇ ભાગી ગયા હતાં.

હું બાદમાં રોડ પર ગયો હતો અને અમારા કુટુંબીઓને ફોન કર્યો હતો. ૧૦૮ પણ આવી જતાં રણછોડભાઇને અમે સાયલા સરકારી દવાખાને લઇ ગયા હતાં. પરંતુ તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. અમારા કુટુંબીઓને અને આરોપી વિજયના પિતા કલાભાઇને વર્ષ ૨૦૨૩માં ઝઘડો થયો હોઇ તેના મનદુઃખને કારણે અમારી કારને ડમ્પર, બોલેરોથી આંતરી આ બધાએ મારા ભાઇની હત્યા કરી નાંખી હતી. તેમ વધુમાં અરજણભાઇએ કહેતાં ઇન્ચાર્જ પીઆઇ ડી. ડી. ચુડાસમાએ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. મૃતદેહને પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડયો હતો.

# પિતરાઈ ભાઈએ બહેનને લગ્નની લાલચ આપી લુટયું શીયળ

### દુષ્કર્મ આચર્યા બાદ લગ્નની ના પાડતા નોંધાયો ગુનો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ભાઈ-બહેનના સબંધને સર્મશાર કરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પિતરાઈ ભાઈએ લગ્નની લાલચ આપી બહેન સાથે દુષ્કર્મ આચરતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. વધુ વિગતો મુજબ, રાજકોટમાં રહેતી ૨૫ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે તેના પિતરાઈ ભાઈનું નામ આપતાં પ્ર. નગર પોલીસે દુષ્કર્મ સહીતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરીયાદીએ જણાવ્યું હતું કે, ફરિયાદીના મહુવા રહેતા મોટાબાપુ સાથે તેઓને છેલ્લા આઠ વર્ષથી બોલવા ચાલવાનો વહેવાર નથી. ત્યાં વિસ્તારની બાજુમા મોટાબાપુના સગા સબંધી રહેતા હોય જેથી મોટા બાપુનો દીકરો યુવતીના પાડોસમા અવાર નવાર આવતો હતો. આરોપી તેણીનો મોટા બાપુનો દીકરો થતો હોય જેથી તેની સાથે વાતચીત થતી હતી. તેમજ તેની સાથે મારે છેલ્લા ચાર મહીનાથી પ્રેમ સંબંધ હતો. ત્રણ મહીના પહેલા આરોપીએ તેણીને મોબાઈલ ફોન આપેલ હતો. ફોન બાબતે ઘરે કોઈને જાણ કરેલ ન હતી. તેણીના ઘરે કોઈ હાજર ન હોય ત્યારે બન્ને ફોનમા વાતચીત કરતા હતા.ગઈ તા.૦૪/૦૪/૨૦૨૫ ના સવારે ૧૦ વાગ્યે આરોપીનો ફોન આવેલ ઘર પાસે આવેલ દુકાન પાસે મળવા આવવા જણાવેલ જેથી તેણી મળવા ગયેલ ત્યારે તેણીને આરોપી સાથે અગાઉ વાત થયેલ તે મુજબ બન્ને એક રીક્ષામા બેસીને પારેવડી ચોક ખાતે ગયેલ અને અગાઉ ફોન પર વાત કરતા ત્યારે આરોપીએ તેણી સાથે લગ્ન કરી સાથે સારૂ જીવન જીવવાની વાત કરેલ હતી.જેથી તેની સાથે રીક્ષામા બેસીને પારેવડી ચોક ગયેલી અને પારેવડી ચોકથી પ્રાઈવેટ વાહનમાં બેસી અમદાવાદ ગયા હતાં. જ્યાં અમદાવાદ રેલ્વે સ્ટેશન ખાતે રોકાયેલ અને બાદમા ત્યાથી ટ્રેનમાં બેસી મુંબઈ ગયેલ અને મુંબઈમાં આસપાસના ગામડામાં તેણીને ફેરવેલ બાદમા મુંબઈમાં બે દિવસ રખડાવેલ હતી.ત્યાંથી બસમા બેસી ભાવનગર ગયેલ અને ત્યાં આસપાસના ગામડામાં આશરે ૧૦ દીવસ તેણીને ફેરવેલ અને બાદમા આરોપી જુનાગઢ તેના મામાના ઘરે લઈ ગયેલ અને તેના મામાએ ઘરે આવવાની ના પાડેલ તો આરોપીએ હાથે પગે લાગી આજીજી કરી તેના મામાના ઘરે ૧૦ દીવસ રાખેલ હતી. બાદમા ત્યાથી સુરત લઈ ગયેલ અને ત્યા એકાદ દીવસ ફરીને પરત ભાવનગર આસપાસ ગામડામાં આઠેક દીવસ ફરેલ અને બધી જગ્યાએ બસ સ્ટેન્ડ તેમજ ધાર્મીક સ્થળોએ રાત્રીના સમયે રોકાતા હતા. આરોપી તેમની સાથે લગ્ન કરવાનો હોય તેથી આરોપીએ શરીર સંબધ બાંધેલ બાદ ઘણા દિવસો પછી કહ્યું કે, આપણે સંબંધ પ્રમાણે લગ્ન કરી શકીશું નહીં પરંતુ તુ મારી સાથે રહે જેથી તેણીએ કહેલ કે, તુ મને ઘરે મુકી દે બાદમા આરોપી અને તેના પિતા મોટા બાપુના ઘરે મહુવા ખાતે મુકી પોતે જુનાગઢ ગયો હતો. મહુવા તેણી એકલી આરોપીના પિતાના ઘરે ૧૦-૧૨ દીવસ રોકાયેલ અને બાદ આરોપી મહુવા તેડવા આવેલ અને રાત્રીના દોઢ વાગ્યે મહુવાથી જુનાગઢ બાજુ લઈ ગયેલ અને વેરાવળ આસપાસના ગામડામાં ૧૦-૧૨ દીવસ ફેરવેલ અને કોઈ પણ બસ સ્ટેન્ડમાં રોકાઈ જતા હતા અને બાદમા વાંકાનેર તેમજ મોરબી ગયેલ અને તા ૦૨/૦૬/૨૦૨૫ ના આરોપી રાજકોટ-જામનગર રોડ પર આવેલ સાંઢીયા પુલ પાસે મુકી ગયો હતો. બાદમાં તેણીએ આરોપીને ફોનમાં લગ્ન કરી સાથે રહેવાની વાત કરતા તે ગાળો આપતો અને તેણીના પિતાને મારી નાખવાની ધમકી આપતો હતો.આ બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી પીએસઆઈ આર.કે.ગોહિલે તપાસ આદરી છે.

# જુલેલાલનગરમાં વેપારીના ઘર પર છુટી સોડા બોટલના ધા ઝીંકી લુખ્ખાઓનો આતંક

### બે દિ પૂર્વે થયેલ સામાન્ય માથાકુટમાં ૮ શખ્સોએ મચાવી ધમાલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જુલેલાલનગરમાં કુખ્યાત શખ્સોએ મધરાત્રે આતંક મચાવી વેપારીના ઘર પર સોડા બોટલોના ઘા કરી મકાન અને વાહનોમાં તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ચાર બાઈક ઉપર ધસી આવેલા આઠ શખ્સોએ સોડા બોટલના છુટા ઘા કરી ઘર પાસે પડેલા પાંચ ટુ વ્હીલર અને એક કારમાં ધોકા પાઈપ ફટકારી રૂા.૪ લાખનું નુકસાન કર્યું હતું. આ અંગે પ્ર.નગર પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ,જુલેલાલનગર શેરી નં.૫માં રહેતાં અને જુલેલાલ મંદિર પાસે ગુરુનાનક ડ્રીકીંગ વોટર નામનો મિનરલ વોટરનો પ્લાન્ટ ધરાવતાં આશિષભાઈ ચેતનભાઈ નેભાણી (ઉ.૩૪)એ પ્ર.નગર પોલીસ મથુકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સ્લમ કવાર્ટરમાં રહેતાં ફૈઝલ ઉર્ફે કાલી રહીમભાઈ ભાણુ, ઈરફાન રહીમભાઈ ભાણુ, અબ્દુલ દાઉદભાઈ લંજા, હશન અને અજાણ્યા ચાર શખ્સોના નામ આપ્યા છે. ફરિયાદમાં

જણાવ્યા મુજબ, ગત તા.૯નાં સાંજે ફરિયાદી એકટીવા લઈ જતાં હતાં ત્યારે ઘર નજીક આરોપી ફૈઝલ તેનું સ્કુટર લઈ સામેથી આવતો હોય તેણે મારી સાથે તારી એકટીવા કેમ આડી નાખે છે તેમ કહી ઝઘડો કરી ગાડીની ચાવી કાઢી લીધી હતી અને છરીના ઘા ઝીંકી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ સમયે પરિવારજનો એકઠા થઈ જતાં ઘર મેળે સમાધાન કરવાની વાત કરી હતી. ગઈકાલે સમાધાન માટે કારખાને આવવાની વાત કરી હતી પરંતુ આરોપીઓ સમાધાન માટે આવ્યા ન હતાં. દરમિયાન રાત્રિના બે વાગ્યાના અસ્સામાં ફરિયાદી અને તેનો ભાઈ તેના કાકાના દીકરા કમલેશભાઈના ઘરે હતાં ત્યારે ઉપરોકત તમામ આરોપીઓએ ચાર બાઈકમાં ધસી આવી ઘર ઉપર સોડા બોટલના છુટા ઘા કરવા લાગ્યા હતાં. જે થી ઘરની બાલ્કનીમાં કમલેશભાઈનો પુત્ર ઉભો જેને લેવા જતાં ફરિયાદીના ભાઈ વિજયભાઈને છાતીમાં સોડા બોટલ લાગી ગઈ હતી. દરમિયાન તમામ આરોપીઓએ ઘર પાસે પાર્ક કરેલા પાંચ બાઈકમાં ધોકા પાઈપ ફટકારી નુકસાન કર્યું હતું. ત્યારબાદ આરોપીઓ નાસી છુટયા હતાં. જેથી ફરિયાદી સહિતના લોકોએ ઘર બહાર નીકળી જોયું તો આરોપીઓએ ઘર ઉપર પથ્થર મારો કરી ઘરની રેલીંગના કાચ ફોડી નાખ્યા હતાં અને દરવાજામાં પણ ધોકા પાઈપ ફટકારી નુકસાન કર્યું હતું. આ ઉપરાંત ફરિયાદી તેના ઘરે જતાં ઘર પાસે પડેલી તેમની કારમાં પણ ધોકા પાઈપ ફટકારી આરોપીઓએ તોડફોડ કરી હોય આમ આરોપીઓએ ઘરમાં અને વાહનોમાં તોડફોડ કરી રૂા. ૪ લાખનું નુકસાન કર્યું હોય જે અંગે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી પીએસઆઈ આર.કે.ગોહિલે વધુ તપાસ હાથ ધરી છે.